
SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ


AUGUST 2005

પ.પૂ.ભાવિ આચાર્ય લાલજી
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
૮ મો પ્રાકટ્યોત્સવ



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1





૧.વિલ્સડનલેન (યુ.કે.)શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દશાબ્દિ મહોત્સવ પ્રસંગે શ્રીઘનશ્યામ મહારાજનો શોડષોપચાર મહાભિષેક કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી.
૨. વિલ્સડનલેન (યુ.કે.)શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથામૃત પાન કરાવતાં સ.ગુ.શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અમદાવાદ મહંતશ્રી). ૩. હરિદ્વાર મંદિર સભામાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય
મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા ગુરુ પરંપરામાં મળેલા પ્રસાદીના ચરણારવિંદ અર્પણ કરતાં કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજી. ૪. હરિદ્વાર મંદિરમાં
યજ્ઞયાગની પૂર્ણાહુતિ કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે પ.ભ.શ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી લાભ લઈ રહ્યા છે. ૫.હરિદ્વાર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી અન્નકૂટ



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ ઓગસ્ટ - ૨૦૦૫

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સપ્તમ આચાર્યશ્રીના મુખેથી આશીર્વચન	૫
૪.	ગુરુપૂર્ણિમા પર્વ માહાત્મ્ય	૭
૫.	ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ	૯
૬.	ભગવાન થયા સૌ ભક્તોના	૧૧
૭.	શ્રીહરિની અપરિગ્રહવૃતિ	૧૨
૮.	સાધવો હૃદયં મમ	૧૩
૯.	જન્માષ્ટમી	૧૬
૧૦.	વાણીનો શૃંગાર એ જ સાચો શૃંગાર	૧૭
૧૧.	ભગવાન બધા સરખા ?	૧૮
૧૨.	સત્સંગ સુરભિ : શૂરવીરતાના સાગર	૨૦
૧૩.	સત્સંગ બાલવાટિકા (૧) વિશેષ નિયમ, વિશેષકૃપા (૨) હરિનો મારગ છે શૂરાનો	૨૨
૧૪.	પ્રશ્નપેટી	૨૪
૧૫.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

અષાઢ માસનો શુભારંભ થયો એટલે ભક્તો અને ખેડૂતોને આનંદના દિવસો મળ્યા. ગુરુપૂર્ણિમાના ઉત્સવના દિવસે સમસ્ત શ્રી નરનારાયણદેવના આશ્રિતોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સ્થાને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનું વેદપરંપરાગત પૂજન-અર્ચન કરી ગુરુઋણ અદા કર્યું. ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેથી ભગવાન શ્રીહરિને રાજી કરવા માટેના ભજન ભક્તિના નિયમો ધારણ કરવાનો અલૌકિક આનંદ આવે અને જગતના તાત ખેડૂતોને સુંદર વર્ષાઋતુમાં પોતાના ખેતરો હર્યા ભર્યા થાય જેથી પશુઓને લીલો છમ ઘાસચારો આપવાનો દિવ્ય આનંદ મળે ! વર્ષાનો આનંદ પશુ પક્ષી સૌને મીઠો મધુરો લાગે છે. કારણ કે તેના જ કારણે સૌનું ભરણ પોષણ તથા સુખ શાંતિનો અનુભવ થાય છે. તેમજ ભક્તોને ચાર્તુમાસના વિશેષ નિયમો ધારણ કરીને શ્રીહરિના શરણે જવાનો પરમાનંદ પ્રાપ્ત થાય છે. અને વાસ્તવિક સુખ શાંતિ પરમકૃપાળુ પરમેશ્વરની પ્રાપ્તિમાં છે એવી બીજે ક્યાંય નથી. શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા છે. અમારા આશ્રિત માત્ર એ ચાતુર્માસના વિશેષ નિયમો ધારણ કરવા, જેવા કે,

"વિષ્ણો કથાયાઃ શ્રવણં વાચનં ગુણકીર્તનમ્ ॥
મહાપૂજા મંત્રજપઃ સ્તોત્રપાઠ પ્રદક્ષિણાઃ ॥૭૭॥
સાષ્ઠાંગ પ્રણતિશ્ચેતિ નિયમા ઉત્તમા મતાઃ ॥

આ પ્રમાણેના આઠ નિયમોમાંથી અવશ્ય એક વિશેષ નિયમ તરીકે ધારણ કરીને શ્રીહરિને પ્રસન્ન કરી લેવા એના જેવું આ જીવ માટે બીજું સરળ સાધન મોક્ષ માટે અન્યથા કોઈ નથી.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(જુલાઈ – ૨૦૦૫)

૮. પ.ભ. નારાયણભાઈ નાથુભાઈ ચૌધરીના તુલસીબંગ્લોઝમાં પધરામણી, સોલાગામ.

પ.ભ. અમૃતભાઈ એસ. પટેલ (વિહારવાળા)ના કૌશલેન્દ્રગાર્ડનઝુલામાં મહાપૂજા પ્રસંગે પધરામણી, શાહપુર.

પ.ભ. ભદ્રેશભાઈ અમૃતલાલ દરજીને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૦. પ.ભ. વિરેન્દ્રસિંહ સિસોદિયા (અમદાવાદ મંદિરના કેશીયર)ના પુત્ર ચિ. નિલેશસિંહના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પ્રસંગે પધરામણી, આંબાવાડી.

૧૩. પ.ભ. હરિકૃષ્ણભાઈ કનૈયાલાલ જાનીને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સાબરમતી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ યજ્ઞશાળાનું ઉદ્‌ઘાટન અને બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત વિધિ પ્રસંગે પધરામણી.

૧૫. શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજ તથા પ્રાર્થના હોલની ખાતવિધિ પ્રસંગે પધરામણી, શ્રી સ્વામિનારાયણ આશ્રમ આબુરોડ.

૧૮ થી ૨૯ જુલાઈ લંડન વિલ્સડનલેન મંદિરના પાટોત્સવ પ્રસંગે અને ત્યાં ઈંગ્લેન્ડના આપણા અન્ય મંદિરોમાં સત્સંગ સભા - પધરામણીઓ વગેરે પ્રસંગો પોતાના સાંનિધ્યમાં સંપન્ન થયા.

૩૦. **શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં પ.પૂ. લાલજીશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૮મો પ્રાકટ્યોત્સવ** પોતાની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ધામધુમથી ઉજવ્યો.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

પરમ પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પીઠસ્થાન પરથી નિવૃત થયા બાદ સૌ પ્રથમ અમેરિકાની ધર્મયાત્રા

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના બ્રહ્મા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંપ્રદાયના સર્વોચ્ચ પદ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પરથી નિવૃત થયા બાદ પોતાના દિવ્ય સંકલ્પ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ના ભવ્ય નિર્માણમાં સતત પ્રવૃત રહે છે. તે સિવાયના અન્ય કાર્યક્રમો ગૌણ કરી દીધા છે. છતાં વિદેશ વસતા હરિભક્તો પ.પૂ. મહારાજશ્રીનો સંપર્ક સાધી ત્યાં પધારવા પ્રાર્થના કરે છે. અમેરિકાના I.S.S.O.ના જુદાં જુદાં ચેપ્ટરોમાં વસતા હરિભક્તોના અતિ આગ્રહભર્યા આમંત્રણથી અને તેઓની શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં નિર્માણ કાર્યમાં સેવા સહયોગની ઈચ્છાને માન આપીને તા. ૧૯-૮-૨૦૦૫ થી તા. ૧૦-૯-૨૦૦૫ પર્યન્ત પ.પૂ. મહારાજશ્રી સંત મંડળ સાથે અને બહેનોના રૂડા આમંત્રણને માન આપીને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બહેનો સાથે અમેરિકાના ધર્મ પ્રવાસે પધારી રહ્યા છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

૧૯	ઓગસ્ટ, લોસ એન્જલિસ (કેલિફોર્નિયા) આગમન.
૨૦-૨૧	લોંસ એન્જલિસમાં આપણા મંદિરમાં જાહેર સત્સંગ અને ત્યાં પ.ભ. નટુભાઈ પટેલની સુપુત્રીના શુભ લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા ઉપસ્થિત થશે.
૨૩	સાનહોઝે.
૨૪	સોલ્ટબેક સીટી.
૨૫	હ્યુસ્ટન આગમન.
૨૬-૨૭	હ્યુસ્ટન આપણા મંદિરમાં જાહેર સત્સંગ સભા.
૨૮-૨૯	ડિટ્રોઈટ આપણા મંદિરમાં જાહેર સત્સંગ સભા.
૨૯-૩૦	કલિવલેન્ડ.
૩૧-૧	સપ્ટેમ્બર, બોસ્ટન આપણા મંદિરમાં જાહેર સત્સંગ સભા.
૧	સપ્ટેમ્બર, બોસ્ટનથી ન્યુજર્સી (વિહોકન).
૨	વિહોકન આપણા મંદિરમાં જાહેર સત્સંગ સભા.
૩-૪	એડિસન કોલોનિયા આપણા નવ-નિર્મિત મંદિરમાં પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થશે આ પ્રસંગે ઉપસ્થિતિ.
૫-૬	વિહોકન ન્યુજર્સી.
૭ થી ૯	શિકાગો આપણા મંદિરમાં જાહેર સત્સંગ સભા શિકાગો મંદિર નિર્માણમાં સહયોગ આપનાર સત્સંગીઓને જાહેરમાં સન્માન.
૧૦	સપ્ટેમ્બર, ભારત માટે પ્રયાણ.

અમેરિકાના ઉપરોક્ત સ્થળે વસતા હરિભક્તોને પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દર્શન-આશીર્વાદ ના સુખ સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય નિર્માણમાં સેવા કરવાની ઉત્તમ તક મળશે. અને તે દ્વારા હરિભક્તો પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ સાથે રાજીપો-પ્રસન્નતા મેળવવા ધન્ય ભાગી બનશે.

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના સપ્તમ આચાર્યશ્રીના મુખેથી આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

મહારાજ કહે - "અમે જ્યાં જ્યાં મૂર્તિઓ પધરાવી છે અને હવેથી આચાર્ય જ્યાં મૂર્તિઓ પધરાવશે તેમાં અમે કાયમ નિવાસ કરીને રહીશું અને હરિમંદિરોમાં પણ જ્યાં આચાર્ય મહારાજશ્રી મૂર્તિ પધારવશે તેમાં અમે રહીશું અને અમારી મૂર્તિઓની પૂજા કરશે, ઘરેણા ભેટ ધર્માદો આપશે તેને અક્ષરધામમાં લઈ જઈશું અને જેવી રીતે તમો મારી પૂજા કરો છો તેવી જ રીતે મારા પુત્રો જે આચાર્ય તેમની સેવા કરજો અને પૂજજો અને પોતાના ગામના મંદિરમાં સિંહાસન કરાવીને આચાર્ય પાસે મૂર્તિ પધરાવજો અને આચાર્યની તમો મારી જેમ પધરામણી કરજો. કારણ કે બે આચાર્યો મારે ઠેકાણે છે અને તેમનામાં હું રહી ને સેવા અંગીકાર કરીશ. આચાર્યને અમારી ગાદી પર બેસાર્યા છે. માટે આચાર્યોને અમારું સ્વરૂપ માનીને ઘેર ઘેર પધરામણી કરીને પૂજજો એમ અમારી છેલ્લી આજ્ઞા છે." નંદસંતો પૈકી સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીએ લખેલી આ વાત છે.

આપણા ઈષ્ટદેવના આ શબ્દો પર જેને વિશ્વાસ આવે તેને તો વિદ્યમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું દર્શન થાય, સ્પર્શ થાય કે તેઓશ્રીના મુખેથી આશીર્વચન સાંભળવા મળે એટલે આનંદ આનંદ થઈ જાય ! જાણે કે આચાર્યશ્રી દ્વારા પ્રત્યક્ષ શ્રીજી મહારાજ જ આજે પણ સભાઓમાં આશીર્વચન રૂપી વાત કરી રહ્યાં છે ! શ્રીજી મહારાજે સ્થાપેલા સિદ્ધાંતવાળા સત્સંગમાં જેને દિવ્ય બુદ્ધિ હોય તેને સુખ આવે ! વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીમાં જેઓને શ્રીજી મહારાજના પ્રત્યક્ષપણાંની પ્રતીતિ આવતી નથી તેવા લોકો ઈર્ષ્યા અને ક્રોધની આગમાં સતત બળ્યા કરે છે. ક્યાંય શાંતિ પામતા નથી. તો હવે વિરાટનગર, ઓટવ હરિ મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રાસંગિક સભામાં પ.પૂ. મહારાજશ્રીના મુખનું આશીર્વચન સાંભળીએ :-

જગતનો જીવ રાજી થાય, મા-બાપ, દીકરા, મિત્ર સગા સંબંધી વગેરે રાજી થાય તો શું આપે ? વખાણ કરે, મારા મા-બાપ મિત્ર, સગા સંબંધી બહુ સારા એમ વખાણ કરે. બહુ રાજી થાય તો કંઈક વસ્તુ પદાર્થ ભેટ આપે. ભગવાન રાજી થાય તો શું આપે ? જગતના સંબંધનું ઠેકાણુ નહિ ! સહેજપણ અણબનાવ બને એટલે એ જ સગા બીજી રીતે બોલવાનું શરૂ કરે. જગતના સંબંધો બહુ ટૂંકા છે. એક ભણેલા મનોચિકિત્સકનું વાક્ય છે. દુશ્મન બનાવતા પહેલા તેને મિત્ર બનાવવો અનિવાર્ય છે. પ્રથમ જે મિત્ર હશે એ પછી દુશ્મન થાય છે. જગતમાં સંબંધો જોડાય છે અને તોડાય છે. શાશ્વત માત્ર ભગવાન સાથેનો સંબંધ છે. ભગવાનનું સુખ આવે તો જગતના બીજા સુખ નાના લાગે. નંદસંતોએ ગાયું છે કે "વ્હાલા એ રસના ચાખણહાર, છાસ તે નવ પીવે રે લોલ." જગતના સુખ નાશવંત છે. એ આવે અને જાય.

વાત એ હતી કે ભગવાન રાજી થાય તો શું દે ? સારા વિચારો આપે, કલ્યાણના વિચારો આપે. અનંત વિચારો આવતા હોય છે. સંત-હરિભક્તોની સભામાં એકવાર મહારાજે પૂછ્યું, સંતો ! તમને વિચારના વાવાઝોડા આવે છે ? ઘણાને એમ હોય કે આજે બે લાડુ વધારે જમવા છે. મંદિરે નથી જવુ. ઘણા પ્રકારના વિચારો આવતા હોય ! મહારાજ સામે વિરાજમાન હોય એટલે મહારાજને કેમ કહેવાય ! એટલે બધાં કહે, ના મહારાજ ! તમે મળ્યા પછી અમારે બીજા વિચારો શું આવે ! બીજા કંઈ વિચારો આવતા જ નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મૂઠી ધૂળ ઉપાડી અને મુઠી છુટી મુકી. પછી મુક્તાનંદ સ્વામી મહારાજને કહે,

મહારાજ ! આ ધૂળના રજકણોથી પણ વધારે વિચારોની અવરજવર થાય છે. મહારાજ કહે, મુક્તાનંદ સ્વામી સાચું બોલે છે ! અનેક વિચારોનું બોમ્બ બાર્ડિંગ થતું હોય, એ ભેગો સારો વિચાર આવે, એક વિચાર એવો થાય કે મંદિરે જવું છે. એક માળા ફેરવવી છે. સો નહિ. એક જ માળા ! ક્યારેક ક્યારેક સારા વિચારો આવે. પરંતુ સંગ જો નબળો હોય તો એ સારા વિચાર ભાગી જાય. રહી ન શકે. સંગ જો સારો હોય તો સારા વિચાર બળવાન બને. પાંચ મિનિટ મહારાજ સામે જોયા કરીએ, પાંચ મિનિટ મહારાજનું નામ બોલીએ, બે ઘડી મંદિરમાં કથાવાર્તામાં બેસીએ. જેવા સંગની તાકાત વધારે તેવા વિચારની અસર વધારે. જગત સારા વિચાર ને તાણી જાય. પરંતુ એ સારા વિચારોનો ભાર વધે તો સમજવું કે મહારાજ રાજી છે. ધર્મસંબંધી કાર્ય તત્કાળ કરવું. એનો અર્થ એવો નહિ કે માત્ર દાન વગેરે જ તત્કાળ કરવું. ભગવાન સાથે જોડાવાની વાત આવે, વિચાર આવે, ત્યારે વાટાઘાટો ન કરવી, તાત્કાલિક અમલ કરવો તો જીવ ભગવાન સાથે જોડાઈ જાય. નિત્ય થોડું થોડું અનુસંધાન રાખવું પડે. મકાન, દુકાન, વ્યવહાર એમ બધે છેડા જોડાયેલા હોય. પરંતુ Main plug ભગવાન સાથે સંબંધ જોડવા બાકી રાખવો. મેઈન પ્લગ ભગવાન સાથે જોડાય પછી જગત નિરર્થક લાગે તો શું થાય ? હિમાલયમાં જતા રહેવાની વાત નથી. જગતમાં જ રહેવું. પરંતુ ભગવાનનું અનુસંધાન ન છોડવું. જેટલું ભગવાનનું ભજન વધે એટલું બેલેન્સ વધે. આપણું આ બેંક બેલેન્સ કાયમ રાખવા માટે સતત ટાઈમ મલ્યે ભગવાન સાથે જોડાઈને રહેવાનું છે. એટલા માટે જ મંદિર અને સત્સંગ મળ્યો છે. મંદિર અને સત્સંગ બહુ દુર્લભ છે. ભગવાન તથા શાસ્ત્રમાં જીવ પરોવીને રાખવો. ગુરુપ્રસાદ સ્વામીએ સરસ વાત કરી કે મંદિરનો ઉપયોગ કરવો. બે ઘડી ભગવાન સામે બેસી અંર્તઃદ્રષ્ટિ કરવી એ અનુભવની વસ્તુ છે. મંદિર છે એ હરહંમેશ ભજન ભક્તિનું કેન્દ્ર સ્થાન છે. માટે મંદિરે જજો. સુખ દુઃખ આવે, મહારાજ સામે રોઈ લેવાનું. થાકો ત્યારે બેસવાનું. ફાઈલો લઈને પણ જવાય ! કારણ કે મહારાજ આપણા મા-બાપ છે ને ! કાલુપુર મંદિરે ઘણા ફાઈલો લઈને આવે છે. ક્યારેક ફાઈલ વિના બેસવું. એમ કરીને મહારાજ સાથે સંબંધ ગાઢ કરવો. શાસ્ત્રની વાતો જેટલી સમજાય, જેટલો સત્સંગ દ્રઢ હોય, જેટલા સારા સંસ્કારો હશે તેટલી તેની મોટ્યપ છે. તે કરોડપતિ અબજોપતિ છે. પૈસાનું બેલેન્સ લાંબુ ચાલશે નહિ. બે, પાંચ રૂપિયા ઓછા કમાવાય તો ચિંતા નહિ. ભગવાન, મંદિર, શાસ્ત્રમાં જોડાઈને રહેવું, સત્સંગ રાખવો એ જ આપણું સુખ, એજ આપણી સમૃદ્ધિ છે. ભગવાન કર્તા હર્તા છે. આ મંદિરમાં ભગવાન બિરાજમાન થયા. દર્શનાર્થીઓનું ખૂબ શ્રેય, મંગળ કરે એવી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના !

પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિને બ્લડ ડોનેશન કેમ્પ

પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી રાજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ નિમિત્તે તા. ૩૦-૭-૨૦૦૫ના કાંકરિયા મંદિર બાલકષ્ટ ભંજન દેવના સાંનિધ્યમાં રેડક્રોસ બ્લડ બેંક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ. ઘણા રક્તદાતાઓએ બ્લડ ડોનેટ કર્યું હતું. આયોજક શ્રી સ્વામિનારાયણ મંદિર, કાંકરિયા, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રહ્યુ હતું અને વ્યવસ્થા ડૉ. રમેશભાઈ પરીખે કરી હતી. *(આનંદ સ્વામી)*

મધ્યપ્રદેશમાં આવેલા આપણા બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફોનની સુવિધા ઉપલબ્ધ થઈ છે જે નીચે મુજબ છે.

(07532) 242285

ગુરુપૂર્ણિમા પર્વ માહાત્મ્ય

- પટેલ અમૃતલાલ હીરજીભાઈ (લખતર)

આપણી ભારતીય સંસ્કૃતિ અનેક તહેવારો અને પર્વોથી સભર છે. એટલે જ આપણી સંસ્કૃતિ વિશ્વમાં શ્રેષ્ઠ અને અજોડ છે. આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે અષાઢ સુદ-૧ પનો દિવસ એટલે ગુરુપૂર્ણિમાં પર્વનો દિવસ. ગુરુ પૂર્ણિમાં એટલે ગુરુ અને શિષ્યના સુભગ મિલનનો અવસર. ગુરુઋણનું સ્મરણ કરી ગુરુના ગુણગાન ગાઈ ગુરુમાં દિવ્યતા અને આત્મબુદ્ધિ કરી સદ્‌ગુરુની પ્રાપ્તિના કેફમાં મસ્ત બનવાનો દિવસ એટલે જ ગુરુ અને સદ્‌ગુરુમાં દિવ્યતાની જ્યોત જગાવી તેની શુદ્ધ ભાવે સેવા કરી તેમાં આત્મબુદ્ધિ કરી તેના કેફમાં મસ્ત બની માયા ભૂલી મહારાજની મૂર્તિમાં ગુલતાન થવું તેનું નામ સાચું ગુરુ પૂજન.

ગુરુ પૂર્ણિમા પર્વના ઈતિહાસ તરફ દ્રષ્ટિ કરીએ તો અષાઢ શુદ પૂનમના પવિત્ર દિવસે સમગ્ર સુષ્ટિના ગુરુ એવા ભગવાન વેદ વ્યાસનો જન્મ થયો હતો. વ્યાસજીના જન્મ દિવસને ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ પૂર્ણિમાને ઘણા લોકો વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. વ્યાસ ભગવાને સંસ્કૃતિના ઘડતરનું સુભગ કામ કરેલું. વેદનો વિભાગ કરી તથા શ્રીમદ્ ભાગવત અને મહા ભારત જેવા ગ્રંથોની રચના કરી આત્માને પરમાત્મા સુધી પહોંચાડવાનો શ્રેષ્ઠ રાહ બતાવી મુમુક્ષુ જીવો પર બહુ મોટો ઉપકાર કર્યો છે. ભગવાન વ્યાસ સાચા અર્થમાં સમગ્ર સમાજના ગુરુ હતા તેથી પરંપરા મુજબ વ્યાસ પૂજાને ગુરુ પૂજા માનવામાં આવી અને વ્યાસ પૂર્ણિમા એજ ગુરુ પૂર્ણિમા બની ગઈ ! સદીઓથી આ દિવસે દરેક શિષ્યો પોતાના ગુરુનું પૂજન કરી ગુરુ દક્ષિણા અર્પણ કરી ગુરુઋણ અદા કરી જીવનમાં ધન્યતાની અનુભૂતિ કરે છે. આપણે અત્રે એવા પૂજનીય ગુરુનો મહિમા ગુરુની આવશ્યકતા ગુરુના લક્ષણો ગુરુ શિષ્યનો સંબંધ અને ગુરુને મન સોંપવું તથા ગુરુના કેટલા પ્રકારો હોય છે. તેના વિષે વિસ્તૃત ચર્ચા કરીએ.

ગુરુ મહિમા ગુરુએ પરમાત્મા સુધી પહોંચવાનું સુગમ માધ્યમ છે. અજ્ઞાનરૂપી અંધકારમાં રસ્તો ઉજાળનાર જ્ઞાનરૂપી પ્રકાશદાતા છે. શાશ્વત સુખ અને શાંતિ આપનારા છે. સાધના માર્ગની જટિલતાને ઉકેલી તેને સરળ કરી આપનારા પથદર્શક છે. સતત સાથ આપનારા અને વિપત્તિમાં હાથ ઝાલનારા એ સર્વોત્તમ ભોમિયા છે. સદ્‌ગુરુ સંત જ આત્માને અસત્યમાંથી સત્ય તરફ લઈ જનારા છે. સતત અમૃતરસ પાઈને મૃત્યુમાંથી મોક્ષ તરફ લઈ જનારા છે. માનવીને ધર્મ માર્ગે વાળી સંસ્કારી જીવન જીવતા શીખવે છે. આદર્શ વ્યક્તિનું ઘડતર કરે છે. જીવની ભ્રાંતી ભાંગી શાશ્વત સ્વરુપનું જ્ઞાન કરાવી પરમાત્માનો ભેટો કરાવી આપે છે. માયાના બંધનમાંથી મુક્તિ અપાવે છે. પૂર્ણાનંદને પ્રાપ્ત કરાવે છે. માટે જ તેને સદ્‌ગુરુ કહેવામાં આવે છે.

ગુરુ સેવા સઘળા ભાગ્યોની જન્મભૂમિ છે. શ્રીરામચંદ્રજી ભગવાને જીંદગી પર્યંત ગુરુ વશિષ્ઠની સેવા કરી શ્રીકૃષ્ણ ભગવાને ગુરુદેવ સાંદિપની ઋષિના આશ્રમમાં લાકડા કાપવા જવું, વાંસણ માંજવા, ગાયો ચરાવવા જવું. વિગેરે સેવા કરી. અરે ! જ્યારે પોતે દ્વારકાધીશ થયા ત્યારે ગુરુદેવને આવતા જાણી તેમનો રથ તાણ્યો અને તેમના પગ ધોઈને ચરણામૃતનું પાન કર્યું. આપણા સૌના ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને લોજના આશ્રમમાં શ્રી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહી છાણા વીણવાથી માંડી તમામ નાની મોટી સેવા કરી હતી અને ગુરુદેવના દર્શન માટે રાત દિવસ આંસુડા પાડ્યા હતા. જ્યારે ગુરુદેવ રામાનંદ સ્વામીનું મિલન થયું ત્યારે પોતાના મનની તમામ તાણ મુકી ગુરુમાં ભગવદ્ ભાવના દેઢ કરી સેવન કર્યું હતું. જેમ પુષ્પમાં સુગંધ અને શેરડીમાં રસ રહે છે તેમ સદ્‌ગુરુમાં ભગવાન રહે છે તેથી સદ્‌ગુરુની આજ્ઞા પાળવાથી ભગવાનનીજ આજ્ઞા પળે છે અને સદ્‌ગુરુની સેવાપૂજા કરવાથી ભગવાનની જ સેવા પૂજા કર્યાનું ફળ મળે છે. (ફળ થાય છે)

તમામ ધર્મો અને સંપ્રદાયોએ ગુરુને અનિવાર્ય પણે મોક્ષના માધ્યમ તરીકે સ્વીકારેલ છે. જીવનના પ્રત્યેકક્ષેત્રમાં ગુરુ વિના કોઈજ સફળતા સભંવિત નથી. તો અધ્યાત્મ જેવી ગહન વિદ્યા તો ગુરુ વિના કેવી રીતે આવે-સંભવી શકે ! શિક્ષણ મેળવવા, ગાડી ચલાવવા શિખવા, રસોઈ બનાવવામાં વગેરે જેવી સામાન્ય બાબતોમાં પણ ગુરુની જરૂર પડે છે. તો આત્માને ભગવાન સુધી પહોંચાડવાનું કામ તો ખૂબજ કપરુ છે. તે તો ગુરુ વિના પાર પડે જ નહિ. ગુરુ વિના આપ મેળે આ કાર્ય થવું અસંભવ છે. તે મનુષ્ય ભલે ગમે તેટલા જપ તપ કરે, યમ-નિયમોનું પાલન કરે પરંતુ

જ્યાં સુધી સદ્‌ગુરુની કૃપા દૃષ્ટિ નથી ત્યાં સુધી બધું વ્યર્થ છે. માટે ભગવાન મેળવવા માટે ભગવાન સુધી પહોંચાડનારાની શોધ જોઈએ.

શ્રીજી મહારાજે વચનામૃતોમાં ગુરુના લક્ષણો દર્શાવ્યા છે કે દેશ-પરદેશ જાય ને ત્યાં કનક કામિનીનો યોગ થાય તો પણ તેમાં ફેર પડે નહિ. પોતાના જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે પોતે બ્રહ્મરૂપે વર્તે તો પણ ભગવાનની ભક્તિમાંથી ચલિત ન થાય, ભગવાનને સદા સાકાર સર્વોપરિ સર્વકર્તા અને પ્રગટ જાણે. જીવપ્રાણી માત્રમાં ભગવાનનું દર્શન કરે. કીડી જેવા જીવને દુઃખવે નહિ. ભાગવતમાં કહેલા ૩૦ લક્ષણે યુક્ત હોય, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ નિર્માની આ પાંચ વર્તમાન યુક્ત હોય એવા સંતની સેવા તે સાક્ષાત્ ભગવાનની સેવા તુલ્ય છે. અને એમનું દર્શન તે ભગવાનના દર્શન તુલ્ય છે. જેમ જળે જળે કમળ નવ નીપજે વને વને અગર ન હોય તેમ દરેક ભગવામાં ભગવાન હોતા નથી. ભગવાનની વાતો કરનાર ઘણા મળે પણ ભગવાનને ધારણ કરનાર તો વિરલ હોય છે.

શ્રીજીમહારાજે ગ.અં. ૨ વચનામૃતમાં શ્વેતા શ્વેતર ઉપનિષદના વાક્યને ટાંક્યું છે કે જેવી પરોક્ષદેવને વિષે જીવને પ્રતિતી છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યાં છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. ગુરુ વિના પુસ્તકો કે અન્ય જગ્યાએથી માત્ર માહિતી મળે છે. અનુભવ વગરની કેવળ માહિતીથી કંઈ અર્થ સરતો નથી. અનુભવ સિધ્ધં જ્ઞાન તો કેવળ ગુરુ જ પોતાને શરણે આવેલ શિષ્યને આપી શકે છે. ગુરુ પોતાના અનુભવમાં સિધ્ધ કરેલ સાધનાઓ શિષ્યને શીખવે છે. જેથી શિષ્ય સરળતાથી અને ચોક્કસપણે શ્રેષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ બીજી તરફ શિષ્યની પણ ગુરુ પ્રત્યેની કેટલીક ફરજો અદા કરવાની જવાબદારી છે. ગુરુ કર્યા પછી ગુરુની જીંદગીભર જેમ કોઈ આદર્શ પુત્ર પોતાના પિતાની સેવા ચાકરી કરે અને પિતાના સુખ-દુઃખ પોતાના સુખદુઃખ સમજી તેમાં સહભાગી થાય છે તેમ ગુરુની જીંદગીભર સેવા કરવાની અને પોતાનું તન મન ધન બધું જ ગુરુને અર્થે કરીને ગુરુના દરેક કાર્યમાં સાથ સહકાર આપવાની પણ એક આદર્શ શિષ્ય તરીકે ફરજ બને છે.

ગુરુનેં મન કર્મ વચને સોંપાઈ જવું. જીવન વિષય ભોગમાં બરબાદ થવા માટે નથી. જીવનદાતાનું જ્ઞાન પામવા માટે છે. અને તે જ્ઞાન પામવા માટે કોઈ બ્રહ્મવેતા મહાપુરુષને મન-કર્મ વચને સોંપાઈ જવું પડે છે. ગુરુને તન સાથે મન પણ અર્પણ કરી દેવું જોઈએ. જો કેવળ શરીર અર્પણ કર્યું હોય ને મન અર્પણ ન કર્યું હોય તો શું કામનું. તેનાથી કંઈ સુખ મળે નહિ. એ તો જેમ કોઈ સ્ત્રી પુરુષ સાથે લગ્ન કરે પણ તેનું મન બીજા પુરુષ સાથે હોય તો તેને કંઈ સંસારનું સુખ ન આવે. એ તો દેહનો વ્યવહાર કર્યો કહેવાય. તેમ મન અર્પણ કર્યા વિનાનો શિષ્યનો ગુરુ સાથેનો સંબંધ પણ તેના જેવો છે. મન અર્પણ કર્યા વિના શિષ્ય મોક્ષના માર્ગે આગળ વધી શકે નહિ. ગુરુને મન અર્પણ કર્યું હોય અને ગુરુ પાસે શિષ્ય સંપૂર્ણ નિષ્કપટપણે વર્તતો હોય તો ગમે તેવી આજ્ઞા કરતાં ગુરુને સંકોચ ન થાય અને શિષ્ય પણ ગુરુ ઓશીયાળા થાય તેવું વર્તે નહિ. ગુરુ શિષ્યને ગમે તેવા વચનના ભીડામાં લે અને તેનું મનગમતું મુકાવીને તેમના ગમતામાં રાખે તો પણ દેહપર્યંત મુંઝાઈ નહિ. ટુંકમાં મન ગમતું મુકીને ગુરુ ગમતામાં રહેવું તેજ ગુરુ ભક્તિ.

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવની સન્મુખ ગુરુપૂર્ણિમા મહોત્સવ તા. ૨૧-૭-૦૫ને ગુરુવારના દિવસે ધામધુમથી ઉજવાયો. આપણા ભાવિ આચાર્ય પરમ પૂજ્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને નિવૃત્ત આચાર્ય મહારાજશ્રી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગુરુ પૂર્ણિમાના દિવસે હજારો મુમુક્ષુઓ શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોના જે જીવે ભાવે કભાવે પણ ચરણ સ્પર્શ કરી પૂજન કરી દર્શન કર્યા તે જીવનું નિશ્ચે કલ્યાણ થઈ ગયું સમજજો. તે સૌ અતિ ભાગ્ય શાળી છે. આ લોકમાં ઠેર ઠેર ગુરુઓ બની બેઠા છે. પરંતુ આ તો સ્વયં સર્વોપરિ ભગવાન શ્રીજી મહારાજે પોતાના સ્થાને આપણા સૌના ગુરુ પદે ધર્મવંશી આચાર્યશ્રીનું સ્થાપન કર્યું છે. એટલે આપણે બીજા ગુરુ શોધવાની જરૂર રહેતી નથી. માટે દરેક હરિભક્ત માત્રે દર ગુરુપૂર્ણિમાએ ગમે તેવા કરોડ કામ મૂકીને પણ અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુરુપૂજન મહોત્સવમાં અચૂક લાભ લઈને જીવન સાર્થક કરી લેવું. આપણે બીજે અન્ય ગુરુ પાસે જઈશું તો આપણો ક્યાંય મેળ નહીં પડે.

ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ

- મોતીલાલ બી. ચૌહાણ (માણામોરા - હાલાર)

ગુરુ પૂર્ણિમાના પરમ પવિત્ર માંગલ્ય શુભ દિને ઈષ્ટદેવ પરમ કૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સમસ્ત ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યશ્રી ધર્મવંશી ધર્મકુળ ભૂષણ પરમ પૂજ્ય ધર્મ ધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં ચરણ કમળમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ગુરુ ઋણ અદા કરી જીવનમાં ધન્યતા અનુભવીએ.

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ,
ગુરુદેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ,
તસ્મે શ્રીગુરુવે નમઃ

આપણા સનાતન ધર્મશાસ્ત્રો, વેદ, પુરાણ, ઉપનિષદ્ના કર્તા રચિયતા ભગવાન વેદ વ્યાસ, નારદ, સનકાદિક ઋષિ મુનિઓ, ભક્ત કવિઓ અને દેવીપુત્રોએ ગુરુ કોણ ? ગુરુ કેવા હોવા જોઈએ અને ગુરુ માહાત્મય શું ! વગેરે ગુરુગાથા સમજાવતાં ઘણા ગ્રંથો લખેલ છે. પણ એ શાસ્ત્રનો સાર આપણે પુરો જાણી શક્યા નથી.

ઉપરોક્ત શ્લોક સૂત્રની પંક્તિઓનું મનન અધ્યન કરતા જણાશે કે ગુરુની ભૂમિકા આપણે માનીએ છીએ તેથી અનેક ઘણી ઉંચી છે.

ભગવાન દતાત્રેયે પોતાના જીવનમાં ૨૪ ગુરુ કર્યા હતા. કોઈએ એ ગુરુના અર્ચન, પૂજન કર્યા નથી. કારણ કે એ ગુણગુરુ કહેવાય છે. ને એના અર્ચન પૂજનથી કોઈ જીવાત્માનું કલ્યાણ થતું કોઈ શાસ્ત્રોએ લખ્યું નથી, એટલે જ જે ગુરુ થકી આ જીવાત્માનું કલ્યાણ થાય મોક્ષની પ્રાપ્તિ થાય ને પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ મોકળો થાય એજ ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મની ઉપમાં આપી શકાય. પરંતુ આજના કલિકાળમાં (યુગમાં) સનાતન ધર્મના સિધ્ધાંતોને કોરાણે મુકી, વેદ શાસ્ત્રોની અવગણના કરી સ્વાર્થી પ્રપંચી, સ્ત્રી ધનના લોલુપતાવાળા, આપ મેળે ગુરુ બની બેઠેલા વ્યસની વ્યભિચારી આડંબરનો અંચળો ઓઢી જગતને છેતરનારા ગુરુઓ થકી આ જીવાત્માનું કલ્યાણ થતુ નથી. જેના માધ્યમથકી ગોવિંદની ઓળખાણ થાય, પ્રગટ પ્રભુના દર્શન સ્પર્શનું સુખ થાય.જેના માધ્યમથી આ જીવાત્માના આધિ, વ્યાધિના, તાપ, પાપ સંતાપ દૂર થાય, એવું સામર્થ્ય જે ગુરુમાં હોય તે થકી આ જીવાત્માના કલ્યાણની આશા રાખી શકાય, એવા ગુરુ ગોવિંદના દર્શન કરાવી શકે.

ગુરુ ગોવિંદ દોનું ખડે,
કિસકો લાગુ પાય
બલિહારી ગુરુ દેવકી,
જીન્હે ગોવિંદ દીઓ બતલાય

ગુરુકૃપા વિના, ગોવિંદ કૃપા થતી નથી. તેથી જ તો ગુરુને ગોવિંદ કરતા પ્રથમ પ્રણામ વંદનના અધિકારી કહ્યા છે, ગુરુના માધ્યમ વિના ગોવિંદને ઓળખવા કઠીન કહ્યા છે.,

સર્વોપરિ સર્વાવતારી અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન સ્વામિનારાયણે પણ ગુરુ રામાનંદ સ્વામીને વિષે ગુરુપણાનો ભાવ લાવી ગુરુ કર્યા હતા એ વાત ઉધ્ધવ સંપ્રદાયમાં પ્રચલિત છે જ. સમર્થ સંત સ્વામી રામાનંદજીએ પૂ. આત્માનંદ સ્વામી અને રામાનુજાચાર્યને વિષે ગુરુ પણાનો ભાવ રાખ્યો હતો. આમ ગુરુ પરંપરા તો આદિ અનાદિકાળથી સંપ્રદાયને વિષે પ્રાધાન્ય છે જ. ભારતીય સંસ્કૃતિની એ પરંપરા છે.

એટલે જ શ્રીજી મહારાજે ધર્મકુળને પરમ પવિત્ર માનીને પોતે જ ઉદ્ધવ સંપ્રદાયની ગાદીના વારસદાર તરીકે સંપ્રદાયના આચાર્ય તથા ગુરુ તરીકે સ્વીકાર કરવા સંતો ભક્તો ને આજ્ઞા કરેલી છે. અને એ મહાપ્રભુની શ્રી મુખની વાણી, શ્રીજી મહારાજના અનન્ય શિષ્ય સંત કવિ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશ નામના ગ્રંથમાં ગ્રંથિત કરીને આચાર્ય અને ગુરુ વિષે પ્રગટ પુરુષોતમનાં વચનોને સંગ્રહિત કર્યા છે. શ્રી મુખનાં આ શબ્દોને મહદ્અંશે આપણે અહીં સમાવેશ કરીએ છીએ. મહારાજ કહે છે કે,

મોટા મોટા કરાવ્યા મંદિર રે,
તેમાં રાખ્યા સંત સુધિર રે
પણ તે તો સંત છે જો ત્યાગી રે,
વસી કેમ શકસે વિતરાગી રે,
મમતા વિના મંદિર કેમ રહેશે રે,
વાત બંધ એ કેમ બેસે રે.

અમે આ મોટા મોટા મંદિરો કરાવ્યા તેમાં સત્તાશાસ્ત્રોને જાણનારા સંતો રાખ્યા. પરંતુ આ સંતો ત્યાગ વૈરાગ્યની ભાવના વાળા છે એટલે એ વિતરાગીને બંધન કર્તા રહેશે. મંદિરોને વિષે કંઈક મમત્વ હશે એ જ આ મંદિરોની રખેવાળી કરી શકશે. આમ અગમ વિચારીને મંદિરોના ધણી નિમવાનો સંકલ્પ કર્યો છે ને તેથી કહે છે કે.....

એના કરૂ એક ધણી રે,
રાખે ખબર એની ઘણી રે.

એટલે જ આવા શુભ સંકલ્પને પ્રાધાન્ય આપતા શ્રીજીમહારાજ કહે છે કે અમારા ધર્મકુળમાંથી અમારા આ સંપ્રદાયની ગાદીનાં કોઈ ધણી કરીએ એવું વિચારીને મોટાભાઈ રામપ્રતાપજીના પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમજ પોતાના નાના ભાઈ ઈચ્છારામજીના પુત્ર શ્રી રઘુવીરજી મહારાજને પોતે દત્તકપુત્ર લઈ સંપ્રદાયની ધર્મધુરા તેમને સોંપી છે. ગુરુ અને આચાર્યશ્રીના પરમ પવિત્ર સ્થાને નિયુક્ત કરતા કહે છે.

સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે,
અવધપ્રસાદને રઘુવીર રે
તેને આપે કર્યા આચાર જ રે,
કરવા બહુ જીવના કાજ રે
સાધુ સત્સંગીના ગુરુ કિધા રે,
દેશ ઉત્તર દક્ષિણ વેચીં દીધા રે.

આવી રીતે શ્રીજી મહારાજે સ્વયં અયોધ્યાપ્રસાદજી મહારાજને અને રઘુવીરજી મહારાજને સંપ્રદાયના આચાર્ય અને ગુરુપણાને વિષે માન્ય કરેલ છે. વળી કહે છે કે

એમ આચાર્ય જ થકી કલ્યાણ રે,
થાશે સહુ જીવનુ સુજાણ રે,
આવી રીતે....
એમ મોટયપ આચાર્યજની,
ઘણી ઘણી કીધી ઘનશ્યામ
એહ ધારે અનેકને
આપવુ છે નિજ ધામ
ધર્મકુળને જે અનુસરે,
ત્યાગી ગૃહી નરનાર
પરિક્ષમ વિનાને પામશે
અપાર ભવનો પાર

વળી કહે છે કે,

ગુરુ કરી સોંપી ગાદી રે,
રીત રાખશે એ રાયજાદી રે
ધર્મવંશી આચારજ ધાર્યા રે,
ગુરુ કરી ગાદીએ બેસાડ્યા રે
ધર્મવંશી આચારજ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાએ રે

અમે જ ધર્મવંશી ને ગાદી અને આચાર્યપણું આપ્યુ છે, ગુરુ કરી ગાદીએ બેસાડ્યા છે, પણ આ આચાર્યની રહેણી કરણીની રીતે અન્ય સંત સાધુઓ જેવી કે અન્ય આચાર્યો જેવી તમારે માનવાની નથી. પણ રાયજાદી એટલે રાજાધિરાજ જેવા માનવાના છે. સેવા સત્કાર પણ એવા જ કરવાના છે. મારી ઈચ્છાએ કરીને હું એમા રહ્યો છું. તેમ સૌ માનજો. વળી શ્રીજી કહે છે કે એના થકી અમારે અનેકના કલ્યાણ કરવાના છે કાંઈ પણ મહેનત વગર આ ભવ સાગરને પહેલે પાર લઈ જવા છે. પણ એ ક્યારે, તો કહે છે કે

એને પૂજે હું પૂજાણો રે,
તે તો જરૂર જનમન જાણો રે
એમ જાણી લેજો સૌ જન રે,
એમ બોલીયા શ્રી ભગવન રે
મન કર્મ વચને સૌ માનજો,
એમા સંશય નથી લગાર
એહ દ્વારે મારે અનેકનો કરવો છે ઉદ્ધાર

શ્રીજી મહારાજ આચાર્ય થકી જ અનેક જીવાત્માના ઉદ્ધારનું કહે છે, પણ તે કેવી રીતે, તો કહે છે,

માટે સૌ રહેજો એના વચને રે,
ત્યાગી ગૃહી સૌ એક મને રે
રહેજો ધર્મવંશીને ગમતે રે,
વર્તશોમાં કોઈ મન મતે રે
એહ કહે તેમ સૌ કરજો રે,
પૂછયા વિના પગ ન ભરજો રે
એને રાજી રાખજો સૌ તમે રે,
તો રાજી રહેશુ અમે રે
માટે સૌ ધર્મકુળને માનજો,
સહુ કરજો એની સેવ
અન્યજન જેવા એ નહિ,
એ છે જાણજો મોટા દેવ

વ્હાલા ભક્તજનો શ્રીજી મહારાજ સ્વમૂખે ધ.ધુ. આચાર્ય મહારાજના કેટકેટલા મહિમાની આપણને વાત કરેલ છે. તો આ ઉપરથી આપણને સહેજે સમજાણી હશે. શ્રીજી મહારાજને આપણા ઈષ્ટદેવ માનતા હોઈએ, પરમ પરમાત્મા માનતા હોઈએ, સર્વ અવતારના અવતારી જાણતા હોઈએ તો આ વાતનું અનુસંધાન રાખવાનું છે. વિસરી જવા જેવી આ વાત મહારાજે કહી નથી ધર્મકુળને રાજી રાખશો તો અમે રાજી રહેશું, બીજા મનુષ્ય જેવા જાણવાના નથી અને એના દ્વારા મારે અનેક જીવાત્માનો ઉદ્ધાર કરવાનો છે, શું આ વાત ભૂલી જવા જેવી છે, તે તમારા અંતરાત્માને પૂછજો.

શ્રીજી મહારાજ કહે છે કે,
એને રાજી રાખશે જે જન રે,
તેણે અમને કર્યા પ્રસન્ન રે
વચન દ્વારે વસ્યા અમે એમાં રે,
તમે ફેર ન જાણશો તેમાં રે
અમે એમાં એ છે અમ માય રે,
એમ સમજો સૌ બાઈ ભાઈ રે
એથી અળગા અમે ન રૈયે રે,
એમાં રહીને દર્શન દઈએ રે.

આવી રીતે સર્વોપરિ ભગવાનશ્રી સ્વામિનારાયણે, સ્વમૂખે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંપ્રદાયના ગુરુના મહિમાની અલૌકિક વાતો કરી ઉપદેશ

આપતા કહે છે કે, અમે એમાં રહીને તમોને દર્શન, સ્પર્શ એન સેવાનું સુખ આપીએ છીએ. આપણે તો શ્રીજી મહારાજની આજ્ઞા, ઉપાસના નિષ્ઠાનું બળ દૃઢ રાખીને આત્માનું કલ્યાણ કરી લેવાનું છે. અને ધ.ધુ. આચાર્ય મહારાજને વિષે અનન્ય નિષ્ઠા રાખીને શ્રીજીમહારાજના અને આચાર્ય મહારાજશ્રીના દાસના દાસ બનીને રહેવાનું છે. આપણા માટે થઈને શ્રીજી મહારાજે ગુરુ રામાનંદ સ્વામી પાસે કેવા કઠણમાં કઠણ વચનો માગ્યા છે. તેનું અનુસંધાન રાખવાનું છે.

ધર્મશાસ્ત્રના પાને પાના ફેરવી જુઓ, કોઈપણ અવતારમાં પરમાત્માએ પોતાના ભક્તો માટે થઈને આવા વચનો માંગ્યો હોય, તેવું સાંભળવામાં કે તેવું જાણવામાં આવેલ નથી. આવા ભક્તવત્સલ ભગવાનના આશ્રિતરૂપે સંપ્રદાયમાં આપણો જન્મ થયો છે. અને એ સંપ્રદાયના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા તેમના દીક્ષીત સંતો પરમહંસોના સાંનિધ્યનું સુખ પ્રાપ્ત કરીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવાનું છે. આવો રૂડો અવસર ફરી ફરીને મળવો દુર્લભ છે. ન ભૂતો ન ભવિષ્યતિ. -

ભગવાન થયા સૌ ભક્તોના

- સાધુ પ્રિયવ્રતદાસ

"ભગવાન ભક્તોના ક્યારે થાય !" તો જ્યારે કોઈ ભક્ત ભગવાનની ભક્તિ કરે ત્યારે અને ભગવાનનું એકાત્મપણે ધ્યાન કરે ત્યારે અને ધર્માચરણ કરે ત્યારે ભગવાન ભક્તોના થઈ શકે છે. જેમ 'ભક્ત પ્રહલાદ'ભગવાનનો એકાંતિક ભક્ત હતો તેની ઉપર જ્યારે આપત્તિ આવી પડી ત્યારે ભગવાન ભક્તની રક્ષા કરવા સ્થંભમાંથી પ્રગટ થયા. ત્યારે તેવી જ રીતે ઉત્તમ ભક્ત 'રાજા અંબરીષે' વ્રતો કર્યા અને તેની સમાપ્તિના દિવસે તેમણે દુર્વાસા મુનિને ભોજન માટે આમંત્રણ આપી બોલાવ્યા હતાં. સમાપ્તિના દિવસે અંબરીષ રાજા જ્યારે પારણા કરવા બેઠા તેવામાં જ દુર્વાસા મુનિજી આવ્યા. તેમણે કહ્યું અમે સ્નાન કરીને આવીએ પછી સાથે પારણાં કરીશું. પણ તેમને આવતા મોડું થયું. અને મુહૂર્ત સાચવી લેવા રાજા અંબરીષે ભોજન ન લીધું. પરંતુ ફક્ત તુલસીનું પાન જમી પારણાં કરી લીધા ! દુર્વાસાએ જાણ્યું કે અંબરીષે પારણાં કરી લીધા છે, એટલે ગુસ્સે થઈને તેમણે અંબરીષને મારવા કૃત્યા ઉત્પન્ન કરી. પરંતુ ભગવાને તેમની રક્ષામાં મુકેલા સુદર્શન ચકે કૃત્યાને બાળી નાખી. અને પછી સુદર્શન ચક્ર દુર્વાસાને બાળવા તેમની પાછળ પડ્યું. ત્યારે તે કેમેય કરીને રોકાયું નહિ. દુર્વાસા તેનાથી બચવા ઉપાય શોધવા લાગ્યા. સુદર્શન ચકથી બચવા તેઓ શિવજી પાસે ગયા, અને ચકથી ઉગારવા વિનંતી કરી. પરંતુ શિવજીએ તેમને વિષ્ણુ ભગવાન પાસે જવા જણાવ્યું. દુર્વાસા વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ જણાવ્યું કે આ ચક્ર તો તમારો નાશ કરશે જ. જો તમારે બચવું હોયતો પાછા અંબરીષ પાસે જાવ, અને તેમની માફી માંગો. દુર્વાસા દોડતાં-દોડતાં અંબરીષ પાસે આવ્યા અને માફી માગી, અંબરીષને ભગવાનના સુદર્શન ચક્રથી પોતાની રક્ષા કરવા વિનંતી કરી. અંબરીષની પ્રાર્થનાથી ચક્ર પાછું વળી ગયું. અંબરીષની ભક્તિ અને નમ્રતા જોઈ દુર્વાસા મુનિ મુક્ત કંઠે તેમની પ્રશંસા કરવા લાગ્યા. અને જાણ્યું કે ભક્તના અપરાધને ભગવાન પણ માફ નથી કરતા. અને જ્યારે કોઈ એકાંતિક ભક્ત પર આપત્તિ આવે ત્યારે ભગવાન કોઈ પણ રીતે રક્ષા કરે છે. તેમાં પણ ભગવાન ફક્ત તન રૂપી રક્ષા નહિ પરંતુ કોઈ પણ કહેતા આધી, વ્યાધિ, ઉપાધિ, માનસિક, દૈહિક કોઈ જ દુઃખ પડવા દેતા નથી.અને બધી જ રીતે રક્ષા કરે છે. જો આપણે આપણા જીવનમાં ભગવાન નહિ રાખીએ તો તે પણ આપણને નહિ રાખે. પરંતુ આપણને તો સર્વોપરિ સાક્ષાત્ પરમકૃપાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. એટલે આપણે ભજન કરી અને આ દેહે જ અક્ષરધામની પ્રાપ્તિ કરી લેવી છે. માટે જેટલું બને તેટલું ભજન કરી લેવું. ખાતા, પીતાં, સૂતા, જાગતા, હરતા, ફરતા બસ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા રહીશું તો અંત સમે આપણને ભગવાન વિસરાશે નહિ. અને નહિ વિસરાય તો ભગવાન સ્વયં પરમહંસો સહિત તેડવા આવશે.

તો આપણે સૌ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ કે હે મહારાજ આજના આ કળિયુગથી તમે અમને દૂર રાખજો. અને જેટલું બને તેટલું તમારું અમે ભજન કરીએ.અને બીજાને ભગવાન તરફ વાળીએ તેવી આપ અમો સૌને શક્તિ આપો. અને આપ આગળ થયા તેવા ભક્ત જેવી એકાંતિક ભગવાનની ભક્તિ આપજો. અને અમોને તમારા થઈને રહેવાની શક્તિ આપજો.

શ્રીહરિની

અપરિગ્રહવૃતિ

- જયદિપ એચ. પટેલ
(વિરાટનગર)

એકવાર કેટલાક કાઠી દરબારોએ મહારાજને ઘોડો ભેટ આપ્યો. ઘોડો રૂપેરંગે રૂડો અને ચાલમાં રુઆબદાર રાજવંશીને શોભે એવો. મહારાજે થોડા દિવસ એ ઘોડા પર સવારી કરી. એવામાં એક વાર વાતવાતમાં એક કાઠી હરિભક્તે કહ્યું, મહારાજ ! લાખે આવો એકાદ ઘોડો જોવા મળે છે ! આખા કાઠિયાવાડમાં આજે આવી જોડ નહિ હોય !' મહારાજે કહ્યું શું કહો છો ? તો તો એ ઉત્તમ ચીજ કહેવાય ! બીજા કાઠીઓએ કહ્યું, ઉત્તમોત્તમ ! બેનમૂન ! મહારાજ ધીરેથી હસ્તા બોલ્યા "બે.... ન.....મૂ.....ન !" મહારાજ સાંજે ઘોડા પર સવાર થઈ નદીએ નાહવા ગયા. કાઠીઓ પણ સાથે હતા. બધાએ નદીમાં ખૂબ આનંદ કર્યો. પછી મહારાજ વસ્ત્રો ધારણ કરી ગામ તરફ જવાની તૈયારીમાં હતા એવામાં એક ગરીબ બ્રાહ્મણ ત્યાં આવ્યો. એના પહેરવેશ અને મોં પરથી લાગતુ હતું કે એ ક્યાંક મદદની આશાએ નીકળ્યો છે. મહારાજની એના પર નજર પડી. મહારાજે એનું દુઃખ સમજી લીધું. એટલે ઘોડાની લગામ હાથમાં પકડી ધીરે-ધીરે મહારાજ એ બ્રાહ્મણ પાસે ગયા. અને નીચે ઉતરી ઘોડાની લગામ એના હાથમાં મૂકી બોલ્યા : "શ્રીકૃષ્ણાર્પણમ્ !" આ વચન સાંભળી કાઠીઓ ચોંક્યા અને બોલી ઉઠ્યા : હેં હેં ! મહારાજ ! આ શું કર્યું ? આવો જાતવાન ઘોડો બીજો નહીં મળે !" મહારાજે હસીને કહ્યું, "એટલે જ બ્રાહ્મણને દઈ દીધો ! ઉત્તમ - ચીજ બંધન કરે - ઉત્તમ ચીજ આપણને ન ખપે !" કાઠીઓને માટે તો ઘોડો જીવ જેટલો વહાલો ! બે દિવસ સુધી તો તેમને ખાવુ-પીવું પણ હરામ થઈ ગયું. પરંતુ એ વખતે મહારાજનો તો નિયમ હતો જ અને સંતોને પણ મહારાજે નિયમ આપ્યો હતો કે જે વસ્ત્ર-ચીજ પોતાને ગમે તે બીજાને આપી દેવું. પોતાના માટે તો મહારાજે એથી ય આકરી શરત રાખી હતી. તેથી બેનમૂન રોઝો ઘોડો બ્રાહ્મણને આપી દીધો. કાઠીઓ પણ સમજી ગયા કે મહારાજને પોતાને તો કશાયનો પરિગ્રહ નથી. એમનું ખાવુ-પીવું આનંદ-ઉલ્લાસ, એ સર્વે જે ક્રિયાઓ ભક્તોના સુખ-આનંદ માટે છે. આપણને સુખ થાય એ ખાતર મહારાજ આપણને અનૂકૂળ થવાનું કરે છે. (પરંતુ તેમની આજ્ઞામાં રહો તો, ધર્મ-નિયમ શિક્ષાપત્રી મુજબ પાળો તો....) બાકી તેઓ પોતે તો દુઃખથી જેમ પર છે, તેમ સુખથી યે પર છે.

આ સમજાયું એટલે કાઠી હરિભક્તોએ શોક મૂકી દીધો, તે મહારાજની ઈચ્છાને અનૂકૂળ થઈને રહ્યા. ત્યારે એમને જે સુખનો અનુભવ થયો તે પરથી તેમને ખાતરી થઈ ગઈ કે મહારાજની ઈચ્છાને અનુકૂળ થવામાં જ સાચું સુખ છે. આમ જ આપણે પણ જો મહારાજને અનુકૂળ થઈને રહીએ, શિક્ષાપત્રી મુજબ વર્તન રાખીએ, દેશ-વિભાગના લેખમાં મહારાજે જે આજ્ઞા કરી છે તેમ વર્તીએ તો જે સુખ મહારાજે એ સમયમાં સત્સંગીઓને આપ્યું તેવું જ વિશેષ સુખ આપણને હાલ મળી રહે ! જેમ કે શ્રીજી મહારાજે તો આપણને સ્વયં શ્રી· નરનારાયણદેવ બાથમાં લઈને આપ્યા છે. એ જ નરનારાયણદેવ અને આપણા મહારાજશ્રીના દર્શન, એમનું સ્મરણ આ જીવને કાયમ માટે રહે તો આ જીવને અક્ષરધામની પ્રાપ્તિ સ્હેજે થાય. નહિતર પછી બીજા જીવની જેમ જ્યાં ત્યાં પાછો જન્મ ધરી વલખા મારવા જ રહે. આપણી શું હાલત થાય એ તો વિચારો જરા, બીજા જીવને તો મહારાજ તરત જ મૂળ સંપ્રદાયમાં મૂકે એનો ઉદ્ધાર કરવા, પણ આપણને મૂળ સંપ્રદાયમાં હોવા છતાં આજ્ઞા ન માની તો પછી વિચારવું જ રહ્યું.

સાધવો હૃદયં મમ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંત સ્વામી, નારાયણઘાટ)

સંત એ ભગવાનનું હરતું ફરતું ઘર છે.
સંત એ સર્વ ગુણોનું ધામ છે
સંત પરોપકારની પરબ છે
સંત મુમુક્ષુઓના અંતર વાળવાની સાવરણી છે
સંત એ કલ્યાણનું આશ્રયસ્થાન છે
સંત નિર્વ્યાજ આનંદનું સ્વરૂપ છે
સંત નિર્મળ પવિત્રતાની મૂર્તિ છે.

આવા સંતોની ઓળખાણ કરાવતા ભગવાન સ્વામિનારાયણ ગ.પ્ર. ૪૪ના વચનામૃતમાં કહે છે કે, "સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે." સંતનો માત્ર સમાગમ કે દર્શન, પ્રાર્થના કરી લેવા તે પુરતું નથી. પરંતુ દેહ અને દેહના સંબંધીઓ સાથે જેવી દૃઢ મમતા છે તેવો જ દૃઢ પ્રસંગ સાચા સંત સાથે થાય તો તેના ફળરૂપે ભગવાનમાં દૃઢ પ્રીતિ થાય છે. એવા સાચા સંતની ઓળખાણ કરાવતા મહારાજ આગળ કહે છે કે, "જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિશે સાધુપણું આવતું નથી. માટે દેહને દેહના સંબંધીને વિષે, અહમ-મમત્વનો ત્યાગ કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વે વાસનાનો ત્યાગ કરી, સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને આવું સાધુપણું આણ્યું તેને પુરુષોત્તમ ભગવાન ને કાંઈ છેટુ રહેતુ નથી. એવાના દર્શને ભગવાનના દર્શન તુલ્ય ફળની પ્રાપ્તિ થાય છે. વળી ગ.પ્ર. ૫૩માં કહે છે કે, "મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે તો ઘટતો જાય છે અને તે સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિને પામતુ જાય છે ને તેને ભગવાનને વિશે ભક્તિ પણ વૃદ્ધિને પામે છે. માટે તે સાધુનો અવગુણ ન લેવો ને ગુણ જ લેવો. અહીં મહારાજ રેડ સિગ્નલ બતાવે છે. નફાનો ધંધો કરવો હોય, મોક્ષમાં આગળ વધવું હોય, અક્ષરધામ તરફ હરણફાળ ભરવી હોય તો માત્રને માત્ર ગુણ જ લેવો. અને જો અવગુણ લઈએ તો ગાંઠનું ગોપીચંદન જાય, અધઃપતન થાય, લખચોરાશી તરફ લપસણી ચાલુ થઈ જાય એમ પ્રભુ પોતે ચેતવે છે. વળી ત્યાર પછીના વચનામૃત ગ.પ્ર. ૫૪માં લખે છે કે "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત તેવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. અને વળી જીવને મોક્ષનું જે દ્વારા તે પણ તેવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહુતિ પ્રત્યે કહ્યું છે જે,

"પ્રસંગમજર પાશમાત્મન કવયો વિદુઃ।
સ એવ સાધુષુકૃતો મોક્ષદ્વારમયાવૃત્તમ્ ॥

જેવો એ જીવને પોતાના સંબંધીને વિશે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે." આ વચનોમાં તો દેહ છતાં જ મોક્ષનું દ્વાર ઉઘાડીને માંહી બિરાજેલ અક્ષરાધિપતિ નારાયણ, તદ્‌સ્વરૂપ, અનંતકોટિ મુક્તોનું અખંડ સાનિધ્ય છતી દેહે સુલભ થવાનો સાવ સરળ ઉપાય બતાવી દીધો છે કે જેવી દેહના સંબંધને વિશે દૃઢ પ્રીતિ છે તેવીને તેવી જ દૃઢ પ્રીતિ એકાંતિક સાધુને વિશે કરી લેવી. એટલે ગાયના પગલામાં પૃથ્વીની પ્રદક્ષિણા થઈ જાય. ગ.અં.ના. ૧૧માં વચનામૃતમાં પણ આ મુજબની જ છણાવટ કરતા જણાવે છે કે જો એવું થાય તો નિર્વિકલ્પ સમાધિ વગર પણ નિર્વિકલ્પ સમાધિ જેવું સુખ અખંડ આવ્યા કરે. એ જોતા ખરેખર ભગવાને પોતાની મૂર્તિનું અર્થાત્ પોતાના સ્વરૂપનું સઘળું સુખ સાધુને વિશે પ્રતિષ્ઠિત કરી દીધું છે અને એટલે જ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયુ છે કે,

સંત જાણજો મારી મૂર્તિ રે,
એમાં ફેર નથી એક રતિ રે,
હું તે સંતને સંત તે વળી હું રે,
એમ શ્રીમુખે કહે ભગવંત રે...

ગ.પ્ર. ૫૫માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, "માટે હવે જો મોટા પુરુષની સેવામાં ખબરદાર થઈને રહે તો તેના પાપ બળીને ભસ્મ થઈ જાય છે." એક પ્રસંગે વરતાલનો સમૈયો કરી સંતોનો સંઘ સોરઠ ભણી પગપાળા

ચાલ્યો આવતો હતો. રાત્રી રોકાણનો વિસામો લેવા ધોલેરા મંદિરમાં રોકાયા. ત્યાંના મહંત ઉપેન્દ્રાનંદ સ્વામીએ સંઘની આગતા સ્વાગતા રૂડી રીતે કરી જેથી ગુણાતીતાનંદ સ્વામી સંઘના મોવડી હતી તે રાજી થઈને પૂછ્યું, "કેમ સાધુરામ અંતરે સુખી તો છો ને ?" જાણે કે અંતર પકડાઈ ગયું હોય તેમ ડઘાઈ જતા પગ પકડી લેતા કહ્યું, "સ્વામી સંકલ્પ, વિકલ્પ તો બહુ થાય છે અને અંતઃશત્રુઓનો ઉપાડો પણ વધ્યો છે. સુખ આવતું નથી માટે શાંતિ થાય તેવું કરો ને ?" "એ તો અમારી સાથે જૂનાગઢ આવો તો શાંતિ થઈ જાય." અને સ્વામી ઉપેન્દ્રાનંદ પણ મહંતાઈના મોભાનું માન મૂકીને સ્વામી સાથે ચાલી નીકળ્યા. જુનાગઢ આવી સ્વામીએ સેવારૂપી ઔષધ બતાવતા કહ્યું, "ઉપરના ઓરડામાં ગાર લીંપવી છે, ઘરડા સંતોની આટલી સેવા કરશો ? સદ્‌ગુરુનું વચન અધ્ધર ઝીલી લઈ સેવા કરવા મંડી પડ્યા. હજુ તો માંડ અડધા એક ઓરડાનું લીંપણ થયુ હશે ત્યાં નીચે ફળિયામાંથી સ્વામીએ હાકોટો પાડ્યો, "સ્વામી, કેટલેક પહોંચ્યા ?" બહાર ડોકિયું કરી જવાબ આપવા નીચે જોયુ અને સ્વામી સાથે આંખોમાં આંખો મળી, સંતકૃપાથી શાંતિનો શેરડો અનુભવાયો તથા ચિનગારી પ્રજવળીને આંખોમાંથી વિકાર માત્ર બળીને ભસ્મ થઈ ગયો. જેથી અંતરમાં શાંતિનો શેરડો અનુભવાયો અને કાયમી ટાઢ થઈ ગયુ. આવું છે મોટા પુરુષને વચને થઈ ગયેલી થોડી સેવાનું ફળ ! પછી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે; "પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામી જાય. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભુંડા પ્રારબ્ધ હોય તો રૂડા થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ પામી જાય. (ગ.પ્ર. ૫૮.)

એક હરિભક્ત પોતાના નાના બાળકને સદ્‌ગુરુવર્ય પ.પુ. ગોપાળાનંદ સ્વામીના ખોળામાં સોંપતા આજીજી કરી, "સ્વામી ત્રણ-ત્રણ દીકરીઓ ઉપર મહારાજે દીકરો તો આપ્યો. પણ આ દીકરો તેની માને ધાવતો નથી અને રડ્યા કરે છે. દૂધ પીધા વગર તો કેટલું જીવશે ? માટે આપ કંઈક દયા કરો અને આને ઉગારો." સ્વામીશ્રી અનિમેષ દૃષ્ટિએ દીકરા સામું જોઈ રહ્યા અને મર્માળા હાસ્ય સાથે બોલ્યા, "આ તારો દીકરો નથી બાપા મુવો છે ! ઘડપણમાં વહુની સેવાથી તેના પેટે જનમ લેવાની મલિન વાસના રહી જવાથી ત્રીજી વખત પેટે પડ્યો છે. પરંતુ ભગવાનની દયાથી પૂર્વ જન્મની સ્મૃતિ રહી જતા તે દૂધ પીતા શરમાય છે. માટે લાવો કંકુ એમ કહી બાળકના કપાળે ચાંદલો કરતા કહે, "લો હવે તારી માને ધાવજે, ધાવજે, ધાવજે,." આ અનુસંધાને જ સંત કવિ દેવાનંદ સ્વામીએ ગાયુ હશે કે,

અતિ મોટા પુરુષને આશરે રે, બળે
પૂર્વ જન્મના પાપ,
અંત કાળે સગુ નહી કોઈનું રે.....

વળી અહીં શ્રીહરિ કહે છે કે, "અને મોટા પુરુષનો રાજીપો હોય તો રંક હોય તે રાજા થાય....." જૂનાગઢમાં એક સમયે સદ્‌, ગુણાતીતાનંદ સ્વામી સંતો સાથે દામોદર કુંડથી આગળ જતા શ્રીજીની મહાપ્રસાદીનો નારાયણધરો છે ત્યાં પધાર્યા હતા. શિયાળાનો સમય અને ધરાના ઠંડા જળમાં સ્નાન કરતા સ્વામીને શરીરે ટાઢ ચડવા લાગી. સ્વામીને ધ્રૂજતા જોઈ સંતોએ તાપણું કરી સ્વામીને તપાવવાની ઈચ્છા વ્યક્ત કરી. જેથી સાથેના હરિભક્તો સુકા લાકડા એકઠા કરવા ઊઠ્યાં, પરંતુ ત્યાં તો સામેથી કઠિયારાનો એક છોકરો અને તેની મા જંગલમાંથી લાકડા કાપી તેના ભારા માથે લઈ ગામ તરફ જતા દેખાયા. તેને પૂછતા કઠિયારણ બાઈ તેના દીકરાને કહે, "જા તારે માથે લાકડાનો નાનો ભારો છે તે સાધુને આપી આવ, અને સાંભળ "ઓલિયા સાધુ હોય તો તેની પાસેથી પૈસા લેતો નહીં પણ દુવા માંગજે." તે લાકડાનું તાપણું કરી સંતોએ તાપ્યું. થોડીવારે ટાઢ ઉડતા ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિ પેલા કઠિયારા ઉપર પડી. સ્વામી કહે, આને થોડા પૈસા આપી રાજી કરો." તે સાંભળી બાઉદિન કઠિયારો કહે, "મારી માએ પૈસા લેવાની ના પાડી છે. પણ ઓલિયા સાધુની દુવા માંગવા કહ્યું છે. એટલે મને દુવા આપો." તે

સાંભળી સ્વામી રાજીપાથી મલકાયા ને કહે, "તેં અમારી ટાઢ ઉડાડી તે હવે તારે લાકડા કાપવા મટી ગયા....." છોકરો તો દુવામાં બહુ સમજ્યો નહીં પણ સાધુની સેવા કર્યાનો સંતોષ પામી પગે લાગી રાહ જોઈને ઉભેલી મા પાસે દોડી ગયો અને બન્ને ગામ તરફ ચાલતા થયા.

રોજના ક્રમ મુજબ જંગલમાંથી કાપી લાવેલા લાકડાના ભારા લઈ બાઉદ્દીનની બહેન સાંજે બજારમાં તે લાકડા વેચવા ઉપડી. આજે બાઉદ્દીનનો ભારો તો હતો નહી એટલે લાકડા પણ ઓછા હતા અને બજારમાં માણસોની ભીડ પણ બહુ હતી. જુનાગઢના નવાબની સવારી નગરમાં નીકળી હતી. નગરજનો નવાબને જોવાની ઉત્સુકતાથી અટારીઓ અને અગાસીઓમાં ટોળે વળ્યા હતા. બાઉદ્દીનની બહેન પણ એક ઓટલે ચડી સવારી જોઈ રહી હતી. તેવામાં અંબાડીએ બિરાજતા નવાબ સાહેબની નજર તેના ઉપર પડી !!! અને તેના રૂપવંતા યૌવને નવાબનું મન મોહી લીધું !! નવાબનું ચિત્ત તે કન્યાના રૂપમાં ચોરાઈ ગયું ! જેથી નવાબે વજીરને અંગુલી નિર્દેશ કરી તે છોકરી વિશે માહિતી મેળવી લેવા કહ્યું. સાંજે મા દીકરીને મહેલમાં બોલાવી તે કન્યા સાથે નિકાહ પઢવા કહેણ મુક્યું. મા-દીકરીને સ્વપ્રમાં પણ આવડું મોટું સોણું દેખાયુ ન હતું. આ તો અલ્લાએ છપ્પર ફાડકે દુવા વરસાવી હતી. બીજે જ દિવસે નવાબ સાથે તે કન્યાના નિકાહ થયા અને સાળા સાહેબ બની ગયેલા બાઉદ્દીનને રાજ્યનું દિવાન પદ મળી ગયું. પરંતુ તેણે પોતાના દિવાનખંડમાં એક કાચનો કબાટ બનાવી તેમાં લાકડા કાપવાની કુહાડી અને ભારો બાંધવાનું દોરડું કાયમી ખાતે યાદગીરીમાં રાખ્યા અને નીચે લેખ લખાવ્યો કે **મારા નસીબમાં તો આ રાંકપણું જ હતું પણ સ્વામિનારાયણ ન ઓલિયા સાધુ ગુણાતીતાનંદજીની દુવાથી હું આ દિવાનપદ પામ્યો છું.** અને ત્યાર પછી પોતાની આ યાદગીરી માટે પોતાના નામની કોલેજ બંધાવી. જે આજે પણ જૂનાગઢમાં બાઉદીન કોલેજ હયાત છે. સમર્થ સંતના રાજીપાથી રંક હોય તે રાજા થયાનું એક જવલંત દૃષ્ટાંત આપણે અહીં જોયું. વળી અતિ ભૂંડા પ્રારબ્ધવાળા વાલિયા ભીલને નારદજીએ ટકોર કરી તો ભારતીય સંત પરંપરાને વાલ્મીકિ ઋષિ જેવા તેજસ્વી સિતારાની ભેટ મળી અને મહાપાતકી અજામેલે મુસલમાન સ્ત્રી સાથે લગ્ન કરી આખું જીવન પાપાચારમાં વ્યતિત કર્યું. પોતાના નૂર મહમદ આદિ ત્રણ સંતાનના પછી ચોથા પુત્રના જન્મ સમયે નારદજીનો ભેટો થઈ જતાં આંખ ઉઘડી અને એ સંતપુરુષના વચને તે દીકરાનું નામ 'નારાયણ' પાડતા અંત કાળે તેની સ્મૃતિ મન્ત્રથી જમદૂતો અને નરકના કુંડોની યાતના ભોગવવાનું મહા મોટું વિઘ્ન ટળી ગયું. આ બધું જોતા સદ્‌ગુરુવર્ય નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણીમાં યથાર્થ જ ગાયું છે કે,

સંત કૃપાથી સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ ।
સંત કૃપા એ પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ ॥

સર્વોપરિ શ્રીજી મહારાજના પાંચસો પરમહંસોની જેમ તેમના અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં હરહંમેશ ખટકો રાખનારા સંતો થકી આપણને ભગવાનને ઓળખાવે છે તે જ ખરા સંત છે.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂ. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

જન્માષ્ટમી

- સાધુ પૂર્ણપ્રકાશદાસ
(નારાયણઘાટ)

જન્મ કર્મ ચમે દિવ્ય ભગવાનના પ્રાકટ્યને ભક્તો ઉત્સવ માની ઉજવે છે. અજન્મા પ્રભુ માયા પરથી સ્વતંત્રપણે જન્મ ધારણ કરી મૃત્યુલોકમાં અવતરણ કરી પોતે સદા દિવ્ય મૂર્તિ હોવાથી માયામાં નિર્લેપ રહ્યા થકા જે કોઈ જીવાત્માઓ જે તે પ્રકારે પોતાનાં સબંધને પામે તે તમામને માયાથી નિર્ગુણ કરી મહા મૃત્યુમાંથી ઉગારી અમર પંથની યાત્રા એ સાથે લઈ પરમ ધામનાં નિવાસી કરી શાશ્વત સુખ ના ભોકતા કરી મુકે છે. આવી અલૌકિક પ્રાપ્તિની આરાધના ને અર્થે ભક્તો પ્રભુના જન્મ અને કર્મ બન્ને ને અભય દાનની અપેક્ષા એ ઉપાસે છે.

ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ શ્રાવણ વદ અષ્ટમીની મધરાતે ઘોર અંધકારને ચીરીને પ્રકાશ પુંજ પ્રસરાવવા મથુરાની જેલમાં બંદીવાન માતા દેવકીજી ની કૂખે જન્મ ધારણ કર્યો. જાગતાને સૂવાડ્યા. અને સૂતાને જગાડી પોતે અનેકોને કાજે મુકતી હારો ખોલાવતા ખોલાવતા જેલમાંથી સરકી ગયા. નંદ-યશોદાજીનાં ધામે બાલ સખાઓ સંગે ગોપીકાઓને હેતપ્રિતના ઘેલા લગાડી ગોકુળને ગોલોક બનાવી દીધું. રાધિકાનાં ચિત્તને ચોરી, મથુરામાં કંસ ને હણી, દ્વારકાની રાજધાની કબજે કરી. વિવિધ યોધ્ધાઓનાં ઘમંડને ચકનાચુર કરી ભક્તોનાં સહાયક થયા. અષ્ટ પટ્ટરાણીઓ નાં પાણી ગ્રહણ કરી, બહેન સુભદ્રાનુ હરણ કરાવી, અર્જુન સાથેની પ્રિતી સગપણમાં પલટાવી. પાંડવો અને કૌરવો સાથેનાં રાજકારણમાં મધ્યસ્થી કરી મહાભારત જેવા યુધ્ધ સંગ્રામ ફેલાવી તેનાં દોહનરૂપ શ્રીમદ ભગવદ્ગીતાનું આ જગતને અજોડ પ્રદાન કર્યું. એક રાજપાટ પર આ નટવરે ખેલેલી સઘળી લીલાઓનું સવર્ણન ગાન કરવા ભગવાન શ્રી વેદવ્યાસજી એ શ્રીમદ્ ભાગવત પુરાણનું ઉદ્ભવન કર્યું. આમ શ્રાવણ અષ્ટમીને જન્માષ્ટમીનું બિરૂદ આપી ભક્ત કાજે યુગો સુધીનું નિત્ય નવું સુખપ્રદ સંભારણું આપ્યું.

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણે આ તમામ ચરિત્રોને એક અનેરૂ ઉત્થાન આપ્યું. ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માના તમામ ચરિત્રોને અંતર મુખી બનાવ્યા. એક અદ્વિતીય આધ્યાત્મિક ઓપ આપી ભવ્યતા ને દિવ્યતામાં પરિવર્તન કરી બતાવી. સૌ પ્રથમ રાધિકા એ સહિતના તમામ ગોપ ગોપીકાઓનાં અગાધ પ્રેમ-પ્રવાહ નાં ધસમસતા પૂરને બાઈ-ભાઈની મર્યાદાની બંધ બાંધી વચનામૃત ગ.મ.૪૩ માં બ્રહ્મસ્વરૂપી પ્રીતિરૂપે આત્માને સજાતીય હેત શીખવી ભક્તિભાવમાં ભળી જતા દુષણોને દૂર કર્યા. વળી મહાભારત જેવા વિશ્વયુધ્ધોને અંતરમુખી લડાઈમાં પરિવર્તિત કરી વચનામૃત ગ.મ.૭૮ માં શ્રીજી મહારાજ સવિસ્તાર વર્ણન કરતા કહે છે કે જેમ કુરૂક્ષેત્રને વિષે કૌરવ અને પાંડવનાં લશ્કર સામસામા ઉભા હતા ને પરસ્પર તીર ને બરછી ને બંદૂક ને તોપની લડાઈ થતી હતી. અને કોઈ તલવારે લડતા હતા ને કોઈ ગદાને, તેમાં કોઈનું માથું ઉડી ગયું ને કોઈના સાથળ કપાઈ ગયા એમ કચ્ચરઘાણ ઉડતો હતો. તેમ આ જીવના અંતઃકરણ માં પણ જે કુસંગીના રૂપ છે તે પંચવિષય રૂપી શસ્ત્ર બાંધીને ઉભા છે. અને વળી જે આ સંતને ભગવાન સત્ય છે ને જગત મિથ્યા ને વિષય ખોટા એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઉભા છે. અને એ બે ને શબ્દ ની લડાઈ થાય છે. વળી આ ઉપરાંત રાજનીતિની યુકિત-પ્રયુક્તિઓનો ઉપયોગ પણ વચનામૃત ગ.મ.૧૨ માં ઈન્દ્રિયો અંતઃકરણ થી છૂટા પાડીને પોતાનાં જીવાત્માનાં શુધ્ધિકરણ અર્થે જ કરવાનું શીખવાડી સર્વે શત્રુઓ હણાયા પછી પણ રાજ-વૈભવનાં સુખડા ભોગવવામાં વિક્ષેપોથી સાવધાન રહેવા વચનામૃત ગ.અં.૯ માં જાણપણા રૂપ દરવાજે રહી વિશિષ્ટ પ્રકારનાં અદ્વેત ભાવે સેવામાં અખંડ રહેવાની રીતિ પણ શીખવી છે.

આમ ભગવાન સ્વામિનારાયણે જન્માષ્ટમી આદિ જન્મોત્સવો ને સંતો, હરિભક્તો નાં જીવન માં એવા તો ઓતપ્રોત કરી દીધા છે કે ભક્તો ને રોજ બરોજ હરઘડીને હરપળ જન્માષ્ટમીને હરિજયંતી નાં મહોત્સવો નો આનંદ ઉભરાયા કરે છે.

વ્હાલા ભક્તો જન્માષ્ટમી ના ખરા સમૈયાના દર્શન કરવા મૂળીધામ જવુ પડે. ઝાલાવાડના આ ભવ્ય દિવ્ય મંદિરમાં શ્રીરાધાકૃષ્ણ દેવના પ્રાંગણમાં જન્માષ્ટમીના સમૈયાનું સુખ લેવું એ તો જીવનનો એક મોટો લ્હાવો છે. માટે સૌ જન્માષ્ટમીના સમૈયામાં મૂળી મંદિર દર્શને જરૂર જશો.

વાણીનો શૃંગાર એ જ સાચો શૃંગાર

પ્રો. મહાદેવ ઘોરિયાણી (રાજકોટ)

"આંખમાં અમી, તો દુનિયા ગમી,
જીભમાં અમી, તો દુનિયા નમી."

"વાણી અને પાણી વિવેકથી વાપરો." વાણીને પાણીની જેમ સાચવો. કોઈ પણ વ્યક્તિનાં 'બોલ' પરથી એની પ્રકૃતિનો 'તોલ' થાય છે. સુંદર રીતે, મીઠાશથી બોલાયેલા શબ્દો સુવર્ણપાત્રમાં શોભતા અમૂલ્ય હીરા સમાન છે.

"यदा यदा मुञ्चाति वाक्य बाणं ।
तदा तदा कुल जाति प्रमाणम् ॥"

જ્યારે વ્યક્તિ કોઈ પણ વાક્ય ઉચ્ચારે છે, ત્યારે તેના કુળનો અને જાતિનો ખ્યાલ આવી જાય છે. આ લૂલી (જીભ) દ્વારા બોલાતી વાણી પરથી મનુષ્યનો સ્વભાવ પરખાય છે. આપણી રસના ઈન્દ્રિય યાને સ્વાદેન્દ્રિય જિહ્વા આમ તો વિવિધ પ્રકારના સ્વાદને પારખવાનું કામ કરે છે. પરંતુ માનવીના અંતઃકરણના અતળ ઊંડાણમાં શું ચાલી રહ્યું છે તે આ ચાર ઈંચની જીભ માનવીની આંતરિક ઓળખ છતી કરી જાય છે. જો વાણી મધ જેવી મધુર હોય તો સામી વ્યક્તિને જરૂર નમાવી શકાય છે.

મોટે ભાગે મનુષ્ય સમાજમાં માન-સન્માન, આદર, પ્રતિષ્ઠાની આકાંક્ષા સેવે છે. સન્માન મેળવવા માટે તે શરીરનો શૃંગાર કરે છે. સુંદર વેશ ભૂષા કે વસ્ત્રાલંકાર પરિધાન કરે છે. પરંતુ જો વાણીમાં કટુતા કે કડવાશ હશે, ક્રોધ હશે, તીખાપન હશે, વાણીની કર્કશતા હશે, તો કોઈપણ શૃંગાર મનુષ્યને માન સન્માન, આદર કે સ્નેહ અપાવી શકતા નથી. વાણીની કટુતા વ્યક્તિને તિરસ્કારપાત્ર અને ઉપેક્ષાપાત્ર બનાવી દે છે.

મીઠાશભર્યું બોલવાથી જ બદલામાં મીઠાશ ભર્યો વ્યવહાર મળે છે. વાણી એ માનવીનું અમૂલ્ય આભૂષણ છે, અમૂલ્ય શૃંગાર છે ! ભૌતિક શૃંગાર પ્રસાધન માનવ શરીરની એક સુંદર શોભાના કારણરૂપ બની શકે છે, જેને જોઈને આ શૃંગાર કરનાર કદાચ પોતાને શ્રેષ્ઠ માનવા લાગી જાય, અહંભાવી બની જાય પરંતુ આવા અહંકારનો હેતુ તે શૃંગાર વ્યક્તિને સામાજિક વ્યવહારમાં શોભાસ્પદ સ્થાન અપાવી શકતો નથી. આ આભૂષણોની ચમક-દમક નશ્વર છે, તેનું કોઈ મૂલ્ય નથી. મનુષ્યનું સાચું આભૂષણ તો મધુર વાણી છે. જો વ્યક્તિ 'સુનૃતાવાક્ય સંપન્ન' હોય તો તેને અન્ય કોઈ આભૂષણોની આવશ્યકતા રહેતી નથી. હિતકારી, પ્રીતકારી, મંગલકારી અને પ્રિય વાણી થકી જ, સત્ય વાણી દ્વારા જ તેને સઘળા પ્રકારો ભૂષિત કરી દે છે, અલંકૃત કરી દે છે. માટે દરેક વ્યક્તિએ પોતાની વાણીમાં મધુરતા અને મીઠાશ લાવવા પ્રયત્ન કરવો જોઈએ.

વાણી શુદ્ધ હોય, મધુર હોય તો પણ રસ અને રીતિને અનુસરીને આનંદ આપનારી બને છે. પરંતુ જેમ જડ ઘાસની પૂતળી અલંકારયુક્ત હોય તો પણ રુચિ પેદા કરતી નથી, તેમ વાણી અલંકારયુક્ત હોવા છતાં રસ વિનાની હોય તો તે રુચિ પેદા કરતી નથી. જેમ કુલીન કે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને છોડતી નથી, તેમ વાણીરૂપી દેવી પુરુષને જન્મ જન્માન્તરે પણ ત્યજતી નથી.

વાણીની મધુરતા કરતાં અધિક પ્રિય વસ્તુ બીજી કંઈ લાગતી નથી. અને વાણીની કઠોરતાથી કરેલો ઉપકાર પણ નાશ પામી જાય છે ! વાણી મંગલ કામનાઓની માતા છે, આથી સત્ય અને પ્રિય વાણીને ધીર મનુષ્યો 'કામધેનું' કહે છે.

જેમ ગુણવાન અને શૃંગારયુક્ત સુંદરી પોતાના યોગથી રસિકજનોના ચિત્તને ખેંચે છે, તેમ શૃંગારયુક્ત અને ગુણસભર વાણી પોતાના યોગથી રસિકજનોના અંતર્ગત અભિપ્રાયને ખેંચી લાવે છે તે જ ખરી વાણી છે. વાણી અનેક પ્રકારના અલંકારયુક્ત હોવા છતાં જો તેમાં શ્લેષ અલંકાર ન હોય તો તેમાં હાસ્ય નિષ્પન્ન થતું નથી. થોડા જ વર્ણોથી ગૂંથાયેલી વાણીના અનેક અર્થો હોય છે.

વાણીના સંગીતરૂપી મહાસાગરને પેલે પાર તો સાક્ષાત્ સરસ્વતી પણ પહોંચ્યા નથી, એટલે તો અધવચ ડૂબી જવાના ભયથી તેઓ છાતી પર તૂંબડી (તંબૂરો) યાને વીણા ધારણ કરે છે.

સદ્વાણી દ્વારા બોલાતા શબ્દો સોયનું કામ કરે છે, જ્યારે કટુવાણી દ્વારા બોલતા શબ્દો કાતરનું કામ કરે છે. માટે ખપ પૂરતું જ બોલો. સંસારને મધુર કંસાર જેવો બનાવવો હોય તો બને ત્યાં સુધી મૌન સેવો, જેમ કમાનમાંથી છૂટેલું તીર પાછું આવી શકતું નથી તેમ એકવાર ઉચ્ચારેલા શબ્દો પરત આવી શકતા નથી. માટે મૌન સેવવામાં જ શાણપણ છે.

ભગવાન બધા સરખા

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

"જ્યાં જઈએ ત્યાં, ભગવાન તો બધાય સરખા, દર્શનથી જ કામ છે ને ?"

આ એક સર્વ સામાન્ય ફીલોસોફી લગભગ પ્રત્યેક હિન્દુધર્મના અંતરમાં પ્રવર્તે છે !

હિન્દુ શાસ્ત્રોમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓ અને ૮૪ લાખ યોનિઓનું વર્ણન આવે છે. સનાતન હિન્દુ ધર્મમાં ભગવાનના અનેક સ્વરૂપો વર્ણવ્યા છે. એક સામાન્ય દાખલો લઈએ. જગતમાં જેટલી વ્યક્તિઓ છે તે બધી વ્યક્તિઓને એક બીજા સાથે સરખાવીએ તો ક્યારેય બે વ્યક્તિ, અસર પરસ બધી જ રીતે સાંગોપાંગ એક સરખી જોવા મળી છે ? Never ક્યારેય નહિ. ઈશ્વરે સર્જેલો માનવ જ્યારે એક બીજાથી જુદો પડતો હોય, માણસ એક સરખા નથી. પરંતુ એનો સર્જનહાર ભગવાન તો એક જ છે.

સમગ્ર હિન્દુ ધર્મ શ્રધ્ધા અને સદાચાર ઉપર રચાયો છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે :-

"જે જેવી શ્રધ્ધાવાળો હોય છે તે તેવી ગતિ પ્રાપ્ત કરે છે....."

"દેવો ને પૂજનારા દેવોને પામે છે પરંતુ મારા ભક્તો મને પામે છે....."

"તું મારામાં મનવાળો, મને પૂજનારો મારો ભક્ત થા. અને મને નમસ્કાર કર. (એમ કરવાથી) તું મને જ પામીશ. તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા કરું છું."

"હે અર્જુન ! તું સર્વ ભાવથી તે પરમેશ્વરને જ શરણે જા. તેની કૃપાથી તું પરમશાંતિ અને સનાતન સ્થાન મોક્ષપદને પામીશ."

શ્રીકૃષ્ણનાં વચનોથી એક વાતતો સ્પષ્ટ થાય છે કે, દેવો અને ભગવાન એ બંન્ને જુદા છે. અને "તે પરમેશ્વર" તે ક્યા તે જાણીને એની જ પરમ ભક્તિ કરવાથી સ્હેજે સ્હેજે પરમપદ પામી શકાય છે. શ્રીહરિની આ સત્ય પ્રતિજ્ઞા પણ છે.

અહીં એક વાત બહું જ સ્પષ્ટપણે સમજવી પડશે.

શરણાગતિ વગર મોક્ષ શક્ય નથી અને ઓળખાણ વગર, સ્વરૂપના નિશ્ચય વગર શરણાગતિ સ્વીકારી શકાય નહિ, માટે દરેક મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય એ જ છે કે પરબ્રહ્મ પરમાત્મા જે એક છે તેમને ઓળખવા અને તેમની જ શરણાગતિ સ્વીકારી પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છવું.

પરમાત્માતો અજોડ જ છે. કોઈ પણ શાસ્ત્ર પરમાત્મા બે છે એવું કહેતા નથી. ભગવાન તો એક જ છે અને અદ્વિતીય છે. એમના સરીખુ કોઈ છે નહિ તો એમનાથી અધિકતો કોઈપણ હોઈ શકે જ કેમ ?

દરેક અવતારમાં એનાં કાર્ય પ્રમાણે સામર્થી જોવા મળે છે.

"ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ જે એ સર્વે અવતાર નારાયણના છે. તો પણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે. તથા તેથી ઉતરતા કપીલજી તથા દત્તાત્રેય એ બે સરખા જણાય છે. અને એ ત્રણે અવતાર કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે અને એમ જાણીએ છીએ જે બીજા સર્વે અવતાર કરતા આ અવતાર બહુ મોટો થયો છે ને બહુ સમર્થ છે અને એમાં અવતાર અવતારી એવો ભેદ નથી જણાતો." (લોયા. ૧૪)

શ્રીકૃષ્ણાવતારમાં દરેક ભક્તના દરેક જાતના ભાવ પૂરા કર્યા. શ્રીજી મહારાજ કહે છે કે એ અવતારમાં અવતાર-અવતારી એવો ભેદ જણાતો નથી. આ વખતે શ્રીજી મહારાજે પણ પરોક્ષપણે વાત કરી કે જેથી અનેક જીવોનું આ માર્ગમાં પોષણ થાય. એમને સમાસ થાય ને જેમ જેમ પાત્રતા વધે તેમ તેમ આપોઆપ એને સમજાતું જાય એવો સત્સંગનો પ્રબંધ કર્યો.

"અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તા હર્તા જાણવા એ જ છે અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેના જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નથી." (ગ.મ. ૨૧)

મહારાજે તો કંઈ બાકી રાખ્યું નથી. અહીં તો રામકૃષ્ણાદિકને 'પરોક્ષ' અવતારમાં ગણાવ્યા. અને જેવી પરોક્ષ માટે જીવને પ્રતીતિ છે તેવી જ જો પ્રત્યક્ષ ભગવાનને પ્રત્યક્ષ સંતને વિષે પ્રતીતિ આવે તો એને કલ્યાણનો સર્વ મુદ્દો હાથ આવ્યો જાણવો.

હંમેશા ભગવાન તો એક જ છે. એમની આગળ "બધા" વિશેષણ મૂકીને એ પરમ, અનન્ય સ્વરૂપને બીજા સાથે સરખાવી એમનાં સ્વરૂપનો દ્રોહ કરીએ તો પતિવ્રતાની ભક્તિમાં એટલી ઉણપ ગણાય.

"જગતનાં જીવ" અને "ભગવાનના ભક્ત" એ બંને વચ્ચે મોટો તફાવત છે અને એમાંય સત્સંગી બન્યા પછી સર્વોપરિ શ્રી સહજાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ છે એટલે ભગવાનના ભક્તમાં પણ મોખરાનું સ્થાન મળ્યું કહેવાય.

ભક્તિધર્મના પુત્ર શ્રી સહજાનંદ સ્વામી છે એ જ આપણા ભગવાન, બધા અવતારો એમનાં જ છે એવો સત્સંગ કરીને નિશ્ચય થયા પછી અવતારો નાના મોટા છે એવો નિર્ણય કરવાની કે એની ચર્ચા કરવાની જરૂર ન રહે. એમાં માર્ક મૂકવાના નથી. એ કાંઈક ત્રાજવાથી તોલવાની વસ્તુ નથી તે એની સરખામણી થાય.

કોઈ મોટા સંત કે ધર્મવંશના જે આચાર્ય એવા મોટા પુરુષની કૃપાથી અનન્ય એવા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુની ઓળખાણ જો થઈ જાય પછી અન્ય કોઈ અવતારો ની તોલે એમને ક્યારેય સરખાવવાનું મન થશે નહિ.

"મારો યા તારો, મારો તો બસ એક સહજાનંદ." જસદણના નાજા જોગિયા જેવો કેફ એ સહજાનંદીય સ્વરૂપમાં છે.

મીરાબાઈની જેમ "મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ" તેમ શ્રીહરિ જ મારા ઈષ્ટદેવ બીજા કોઈ જ નહિ એવી જો પ્રતીતિ થઈ આવી પછી તો એ સ્વરૂપ જ એવું અલૌકિક છે કે, સ્હેજે સ્હેજે એની સ્મૃતિ રહ્યાં કરે. શ્રુતિમાં પણ એમને "एकमेव" એટલે એક જ કહે છે. એમાં બીજી જોડી મળે નહિ. એ જે એક પરમાત્મા છે તે જ્યાં જેવી રીતે દેખાવું હોય ત્યાં તેવી રીતે દેખાય છે. જે સમયે ને જે સ્થળે જે કાર્યને માટે જેવું દેખાવું ઘટે ત્યાં એ જ એક ભગવાન દેખાય છે. એટલે બધા અવતારો એમના જ છે. અને જેમ મુનિ "एकमेवाद्वितीयं ब्रह्म" કહે છે એ જ આ ભક્તિધર્મના પુત્ર શ્રી સહજાનંદ સ્વામી છે એટલો નિશ્ચય થાય તેટલું જ કરવાનું છે. અને તેના માટે જ સત્સંગની જરૂર છે. ભવિષ્યમાં ગમે તેટલા અવતારો થાય, ભૂતકાળમાં ગમે તેટલા અવતારો થયા હોય પણ તે બધા જ સ્વામિનારાયણ ભગવાનના જ અવતારો છે અને **સ્વામિનારાયણ ભગવાન એ સર્વ અવતારના અવતારી** છે એવો નિશ્ચય કરવાનો છે. તેથી તો સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

આદ્ય મધ્ય અંત્યે અવતાર,
થયા અગણિત થશે અપાર,
પણ સર્વેના કારણ જેહ,
તે તો સ્વામી સહજાનંદ એહ.
(અવતાર ચિંતામણી ૩૨)

પરોક્ષમાં બધા જ જાણે છે કે એક કોઈ ભગવાન છે પણ એ જ ભગવાન તે સ્વામિનારાયણ છે એવું નથી જાણતા. પરોક્ષધર્મ અને સ્વામિનારાયણ ધર્મમાં આટલો જ તફાવત છે. આ સૂક્ષ્મ તફાવત શ્રીહરિ અને શ્રીહરિનાં આશ્રિત એવા મોટા જે સંત કે મહાપુરુષની કૃપા સિવાય ઓળખવો પણ મુશ્કેલ છે. આ એક મુદ્દો જ અગત્યનો છે. અને એ જો હાથ લાગ્યો તો સર્વ કામ થઈ ગયું જાણવું.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ પૃથ્વી ને વિષે પ્રાદુર્ભાવ થયો તેનાં મુખ્ય કારણો પૈકી આ એક કારણ :

"ભગવાન જેવા છે તેવા - સ્વરૂપે કરીને, તત્વે કરીને અને ભાવે કરીને - આ જીવને ઓળખાવવા, એમના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય આ જીવને કરાવવો જેથી એને કલ્યાણના માર્ગમાં કોઈ વિઘ્ન રહે નહિ." આ એકજ વાત સમજાવવાને વાસ્તે અક્ષરધામથી ડૂબકી મારીને પાધરાજ આ અવનિને વિષે શ્રીહરિ પધાર્યા.

"એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે આપણે રાત દિવસ ઉજાગરા કરીએ છીએ, ને કીર્તન, નામ સ્મરણ તે તાળીયો વજાડીને હાથની આંગળીયો ફાટી જાય એમ કરીએ છીએ તથા કથાવાર્તા રાત-દિવસ કરીએ કરાવીએ છીએ, તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવાં કરીએ ? માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઈ એ જેવો થતો નથી. અને "एकमेवाद्वितीयं ब्रह्म" એ શ્રુતિનો પણ એજ અર્થ છે જે "એ નારાયણ જેવા તો એક નારાયણજ છે" એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે." (લોયા ૧૩)

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વયં શ્રી પુરુષોત્તમ નારાયણને પણ "એ નારાયણ જેવા તો એક નારાયણ છે" એટલું જ સમજાવા સારું આવડો દાખડો કરવો પડ્યો છે. ત્યારે આપણે પણ શ્રી સહજાનંદ સ્વામીને સર્વોપરિ સમજી, સર્વ ભાવે કરીને તે જ મહાપ્રભુ પરમેશ્વરને શરણે રહીએ અને ભગવાન એક અને માત્ર એક જ છે અને શ્રી સહજાનંદ સ્વામી એજ મારા ભગવાન એટલું, યથાર્થપણે સમજ્યા પછી "ભગવાન બધા સરખા" એવો સંકલ્પ કે વિચાર માત્ર પણ ન થાય તો જ જાણીએ કે આપણો સત્સંગ સાચી દિશામાં છે.

સત્સંગ સુરભિ : શૂરવીરતાના સાગર

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

કાઠીયાવાડમાં એક ગુંદાળી નામનું ગામ છે. તે ગામમાં કાઠી કુટુંબમાં રાણદેવી નામના એક બાઈ હરિભક્ત રહેતા હતા. એમને બે યુવાન દીકરા. મોટો મામૈયો ને નાનો મહેરામણ. મા પિયરમાંથી સત્સંગ લાવ્યા હતા. બેય ભાઈઓમાં ભલે સત્સંગના સંસ્કાર ઓછા હતાં પરંતુ માતા રાણદેવી બંન્ને દીકરાઓને સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય રોજે રોજ સમજાવતા.

એક વખત સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના સંતો બે દિવસના ભૂખ્યાં-તરસ્યાં ફરતાં ફરતાં ગુંદાળી ગામ આવ્યા. માજીએ વાત જાણી કે મારા ભગવાનનાં સંતો આવ્યાં છે ? અતિ રાજી થઈ ગયા અને આગ્રહ કરીને સંતોને રોક્યા. એનાં બે દીકરા મામૈયો અને મહેરામણ તો ખેતરે ગયેલા. સંતો માટે નવાં પાથરણાં પાથરી બેસાડ્યાં. ઘેર પધરામણી કરાવી. માજીને ખબર પડી કે સંતો બે દિવસનાં ભૂખ્યાં છે, ડોશીમાને હૃદયમાં બહુ દુઃખ થયું. "અમારા સંતો કે જેને અક્ષરધામના ધામી સહજાનંદ સ્વામી મળ્યાં છે, જગતના લોકોના ઉદ્ધાર કરવા માટે રાત દિવસ ફરે છે, તેઓ બે દિવસથી ભૂખ્યા છે ? પણ મારા કેવાં મહાભાગ્ય કે આજે સંતો મારું અન્ન જમશે, અમે માનીશું કે ભગવાન પોતે જમ્યા. પછી સંતોને વાસણ આપ્યા, ખીચડી, લોટ વગેરે સીધું આપ્યું, સંતોએ ભગવાન માટે થાળ બનાવ્યો. પરમાત્માને નૈવેદ્ય કરી પોતાના પત્તરમાં ખીચડી-શાક પીરસ્યું. પાણી ભેળવી જ્યાં ઠાકોરજી જમાડવા જાય છે ત્યાં તો કાળ જેવા દશ-પંદર જણા લાકડી લઈ આવી પહોંચ્યા.

"ઉભાં થાવ બાવાઓ ! નીકળો ગામ બહાર, અમારા ગામમાં ક્યાંથી આવ્યા ?" સંતો તો મૌન રહ્યા. હાથમાં લાકડી લઈ ઊભેલા માણસો તો ગાળોનો વરસાદ વરસાવે છે.

વાત એમ બનેલી કે ગામના ચોરે ડાયરો ભરાયેલો. તેમાં એક જણે મમરો મૂક્યો, 'અલ્યા ! સમાચાર સાંભળ્યા ? ગામમાં સ્વામિનારાયણના સાધુ આવ્યા છે. લોકોને દારૂને અફીણ બંધ કરાવે છે. આ તો આપણું ગામ બગાડસે ! બાપુ ! તમારે તો રોજ કસુંબો પીવા જોઈએ અને સ્વામિનારાયણ વાળા પેંધા પડ્યા તો બંધ કરાવશે.'

આ સાંભળતા જ બાપુ નો મીજાજ બગડ્યો, 'એવા સાધુ જોઈએ જ નહિ, ધક્કા મારી કાઢી મૂકો.'

બાપુના ફરમાનથી આ બધા દ્વેષીઓ માજી ને ત્યાં આવ્યા અને ગરીબ ગાય જેવા નિર્દોષ સંતોને માર્યા, સંતો વિનવણી કરવા લાગ્યા કે, 'અમને બસ ભોજન કરી લેવાદ્યો, પછી અમે ચાલ્યા જઈશું.'

ડોશી ઘરમાંથી બહાર આવ્યાં તે કહે છે 'ભાઈઓ આ સંતો તો અમારે આંગણે આવેલા મહેમાનો છે.'

પુરુષો કહે, 'ડોશી તું મૂંગી મર, ઘરમાં જા નહિ તો માર ખાઈશ.'

• સંતોના પાત્રમાં ખોબા ભરી ભરી ધૂળ નાખી. સંતો ઊભા થઈ ગયા. ધૂળવાળી ખીચડી નાખી દીધી. પાત્ર ઝોળીમાં નાંખી સ્વામિનારાયણનું સ્મરણ કરતાં સંતો તો ચાલતા થયા. ડોશીમાં બિચારા કરગરતા રહ્યા. તોય મનુષ્યાકૃતિ આ અસુરોને નિરાંત નથી થાતી. વાંસેથી લાકડીના માર તથા ટાપલીઓ મારતાં મારતાં ટોળું સંતોની પાછળ જાય છે, 'નીકળો ગામ બહાર ! સાલા મુંડીયાઓ !'

જેની એક ભ્રકૂટિ પણ જો વાંકી થાય તો બ્રહ્માંડનો પ્રલય થઈ જાય એવા સમર્થ આ સંતો હતા. છતાયં ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા હતી કે ગાળો વરસાવે એનેય આશીર્વાદ આપવા પણ સામી ગાળ ન દેવી !

સંતો તો માર સહન કરી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા ગામની બહાર ગયા. ટોળું તો પાછું ડાયરામાં આવી અફીણ ચઢાવી ચલમો ગડગડવા લાગ્યું.

બપોરના એક દોઢ વાગ્યાનો સમય હતો. વાડીએથી વૃદ્ધ રાણદેવીના દીકરા મામૈયો અને મહેરામણ ઘરે આવ્યા. જ્યાં પગ મૂક્યો ત્યાં તો પોતાની માતાને બારણે માથું ટેકવી ચોધાર આંસુએ રડતાં જોયા. વૃદ્ધ માજી રડતાં રડતાં દીકરાઓને કહે 'બેટા ! આજે મારા સંતો આપણાં આંગણેથી માર ખાઈ ભૂખ્યા ચાલ્યા ગયા !'

દીકરા માને રડતી જોઈ પૂછે છે,

'મા શું થયું ? કેમ રડો છો ?'

મા કહે છે 'દીકરાઓ, આપણા ભગવાનના સાધુ આવ્યા હતા. આ ઢાળિયામાં ખીચડી જમવા બેઠા કે ગામધણીએ સંતોને મારી મારીને ગામ બહાર કાઢી મૂક્યાં.'

માની વેદના જોઈ દીકરાઓએ માને છાના રાખ્યા. અને કહ્યું, 'મા, આજ્ઞા કરો હવે શું કરીએ ?'

માજી જાણે સાક્ષાત્ પાર્વતી બન્યાં હોય તેમ બોલ્યા, 'જાવ દીકરાઓ, આપણા સંતોને જેણે માર્યા છે એની બરાબર ખબર લ્યો. ભલે ગામધણી રહ્યો, એને બરાબર પાઠ ભણાવીને આવો.'

એક ભારતીય નારી પોતાના દીકરાઓને ખપી જવાનું આહ્વાન કરે છે. પોતાની માની આવી વિવશ પરિસ્થિતિ જોઈને બંન્ને નવયુવાનોનું લોહી ઉકળી ઉઠ્યું. પોતાની માને પગે લાગી તરત જ ભાલો ઢાલ, તલવાર લઈને તાબડતોબ આ વીરપુરુષો ચોરે જઈ પડકાર કરવા લાગ્યા.

મામૈયો ને મહેરામણ જામે કાળના સાગર બનીને કહે, 'કોણે માર્યા છે અમારા સંતોને ?'

દરબાર અફીણના નશામાં બોલ્યા, 'મેં માર્યા છે મેં !'

અને સિંહનું બચ્ચું જેમ છલાંગ મારે, તેમ મામૈયાએ છલાંગ મારી દરબારના પેટમાં ભાલો ખોસી દીધો. લોહીની ધાર થઈ, દરબાર સદાયને માટે પોઢી ગયા. ડાયરો વિખરાઈ ગયો.

બેઉ જણ ઘરે આવ્યા. માને કહે, 'મા, સંતોને માર્યા એનું વેર લઈને આવ્યા છીએ હવે શું કરીએ ?' મા કહે, 'હવે અહીં રહેવું નથી. તમે ગઢડે જાવ. ત્યાં શ્રીહરિ બિરાજે છે. ભાગવા માંડો, પાછળ વાર આવશે.'

બંને દીકરા ગઢડાને રસ્તે રવાના થયા. એકસો પચાસ દુશ્મનો પાછળ પડ્યા ને પડકાર ફેંક્યો. આ બંને સહજાનંદી સિંહ ઢાલ-તલવાર લઈને સામે કૂદયા. જબરું ધીંગાણું થયું. કેટલાયના પ્રાણ લેવાયા. આ બેય પણ ઘવાયા. રસ્તા પર ઢળી પડ્યા. અંત સમય આવ્યો. બે પાંચ જે બચ્યાં તેઓ મારીને જતા રહ્યા.

ભગવાનનાં દર્શન કરવા માટે જ જાણે બેયની આંખોમાં પ્રાણ બચ્યાં છે ! એજ વખતે ભગવાન સ્વામિનારાયણનાં અંતરમાં દયાની સરવાણી ફૂટી. મહારાજ ઠંડા પાણીનો ઘડો લઈને ત્યાં પ્રગટ થયા. બેઉને દિવ્ય દર્શન દીધાં. મહારાજે પોતાના હાથમાં પાણીની જળધારા લઈ બેઉના મુખમાં જળ રેડ્યું. પછી ભગવાન કહે છે, મામૈયા ! મહેરામણ ! મારા સંતોને કાજે આજે તમે બલિદાન દીધું છે. કહો તો જીવાડું અને કહેતા હો તો મારા ધામમાં તેડી જાઉં.'

બંને ભાઈઓની આંખમાં હર્ષના આંસુ આવ્યાં. કહેવા લાગ્યા, મહારાજ ! સાક્ષાત્ અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ આજે અમને તેડવા આવ્યા છે. આવું રૂડું મૃત્યુ ફરીવાર નહિ આવે. કદાચ અમને જીવાડશો અને ફરીવાર મરશું ત્યારે ખાટલે કદાચ ઘરમાં પડ્યા હશું, આજુબાજુ બૈરાં છોકરાં રડતાં હશે. જ્યારે આજ તો આ ઘડીયે સાક્ષાત્ આપ અમને પાણી પાવા પધાર્યા છો. તમારા હાથનું પાણી પીધું છે. અને આપ શ્રીહરિ સ્વયં અમારી સન્મુખ ઉભા છો. બસ મહારાજ ! હવે જીવીને શું કામ છે ? અમને આપના દિવ્ય ધામમાં જ તેડી જાવ !''

એ જ વખતે શ્રીજીની આજ્ઞાથી અક્ષરધામમાંથી મુક્તો વિમાન લઈને આવ્યાં. બેઉ દિવ્ય દેહ ધરી વિમાનમાં બેસી પરમાત્માના ધામમાં ગયા છે.

'મારા નિર્માની સંતોને કોઈ હેરાન કરે અને તે વખતે સાચો શૂરવીર થઈ જે સંતોનો પક્ષ રાખે, તેને હું અંત સમયે તેડવા આવીશ અને મારા ધામમાં લઈ જઈશ.'

વળી સંતોને કોઈ સંતાપે રે,
નિરમાની જાણી દુઃખ આપે રે ।
ખોટાં કલંક ધરે સંત શિર રે,
પાપી આવી ચડાવે અચિર રે ॥
તેનો પક્ષ લઈ પોતા માથે રે,
કરે લડાઈ લબાડ સાથે રે ।
એહ પક્ષના જે લેનાર રે,
જાય તે જન ધામ મોઝાર રે ॥

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ)

શૂરવીરતાના સાગર એવા મામૈયા ને મહેરામણે સંતોનો પક્ષ રાખી બલિદાન આપ્યું તો કૃપાના સાગર શ્રીહરિએ સ્વયં આવી પોતાના ધામમાં તેડી ગયા.

આ જીવ કદાચ બોલીને ફરી જાય પરંતુ શ્રીહરિએ ક્યારેય આપેલું વચન પાળ્યું ન હોય એવું ક્યાંય સાંભળ્યું નથી !

મામૈયા ને મહેરામણે તો સાચે જ રંગ રાખ્યો !

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

વિશેષ નિયમ, વિશેષકૃપા

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

મસ્તક ઉપર મનોહારી જટા શોભી રહી છે. કંઠમાં શાલીગ્રામનો બટવો આભૂષણોની જગ્યાએ ઓપી રહ્યો છે. હસ્તકમળમાં મુંજની મેખળા અને જળકમંડળુ, પલાશનો દંડ, જપમાળા ધારણ કરી છે. ભિક્ષાપાત્ર અને શાસ્ત્રના સારનું નાનકડું પુસ્તક જેમના ખભા પર શોભી રહ્યું છે એવા બટુકવર્ણી જાણે કે માતા ધરતીની યુગોના વિરહની તૃષાને તૃપ્ત કરવા ખુલ્લા ચરણે મક્કમ ડગલે આગળ વધી રહ્યા છે. માતા ધરતી એક એક ડગલું પોતાના ખોળા ઉપર ચાદર બિછાવીને ધારણ કરી પોતાને ધન્યભાગી બનાવી રહી છે.

અતિ દિવ્ય, પ્રતાપી, તેજસ્વી કલ્યાણકારી શાંત બટુક તપસ્વી ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યા છે. ભયંકર જંગલોની ઘાટી સૂર્યના પ્રકાશનું કિરણ પણ જ્યાં પ્રવેશી શકે નહી એવા અંધારીયા રસ્તા અને સિંહ, વાઘ, વરાહ, હાથી, ગેંડા, રીંછ, રોઝડા, શિયાળ, વરૂં, વાનર, દિપડા વગેરે હિંસક પ્રાણીઓના ત્રાસદાયક અવાજો અને આવન જાવન વચ્ચેથી નિડરપણે ચાલ્યા જતા આ તપસ્વીને આગળ મોટો કાળો પહાડ આવ્યો. મોટી મોટી કાળી ડિબાંગ શિલાઓ પસાર કરી આગળ વધ્યા ત્યાં મોટો શ્વેતગિરિ આવ્યો, જાણે દૂધથી અભિષેક કર્યો હોય ને શું ! દૂરથી એવો દેખાતો પર્વત પાર કરીને ચાલ્યા જાય છે. તો આગળ રસ્તો બંધ. બે ઉંચા પહાડોના શિખરો એક બીજા સાથે વાતો કરતાં હોય તેમ અડીને ઉભાં છે. અને વચ્ચે ઉંડી ગુફામાંથી ઘસમસતો પાણીનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે. એ પ્રવાહની સામી છાતીએ તપસ્વી ચાલ્યા પછી આગળ માર્ગ મળ્યો એ રસ્તો સીધો હિમાલયના ચૌદ હજાર ફુટની ઉંચાઈ પર આવેલ પુલહાશ્રમ પહોંચ્યો. કેટકેટલા કષ્ટો, દુઃખો સહન કરીને ન જાણે કેટલાય દિવસો પછી આ તપસ્વી દેવતાત્મા એવા હિમાલયના અતિ દિવ્ય પવિત્ર શાંત અને રમણિય સ્થળ પુલહાશ્રમ આવી પહોંચ્યા.

મિત્રો ! આ તપસ્વીને ઓળખ્યા ? હજુ ન ઓળખ્યા. તો ઓળખી લો ! આ તપસ્વી બીજા કોઈ નહીં. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને વર્ણી, તપસ્વીનો વેશ ધારણ કરીને ચાતુર્માસના ચાર મહિના સુધી કઠોર તપશ્ચર્યા કરી. બે હાથ ઉંચા કરી એક ચરણ ઉપર ઉભા રહીને એવી તો કઠીન તપશ્ચર્યા કરી કે જેનું વર્ણન પણ ન થઈ શકે ! પ્રભુને જોઈને બીજા તપસ્વીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા. વિચારવા લાગ્યા કે આવુ તો તપ કોઈ મનુષ્યથી થઈ શકે નહી. આ તો સાક્ષાત્ પરમાત્મા હોવા જોઈએ.

પ્રભુની તપશ્ચર્યા જોઈને એમની સાથે દિવ્ય સ્વરૂપે રહેલા ભક્તિમાતા અને ધર્મપિતા પણ ચિંતાતુર બની ગયા. પ્રભુનું શરીર સાવ દુર્બળ બની ગયું છે.

"દેહ દુર્બળ દેખ્યું ન જાય,
રતિ રૂધિર નહી તનમાંય,
અંગો અંગની જે સર્વે નાડી,
તે તો થઈ રહી છે ઉઘાડી."

હિમાલયના ઉંચા શિખર પર, ગાત્રો થીજી જાય તેવી કાતિલ ઠંડીમાં દરરોજ ગંડકી નદીમાં સ્નાન કરી આવું આકરું તપ આપણા સુખ માટે ઉપદેશ માટે પુલહાશ્રમમાં ચાતુર્માસમાં ચાર મહિના સુધી પ્રભુએ કર્યું. ચાતુર્માસ પુરો થયો. પછી ત્યાંથી આગળ વધ્યા.

મિત્રો ! આજ ચાતુર્માસના ચાર મહિના ભગવાને સ્વયં આવું તપ કર્યું તો આપણે શું કરીશું ? ચિંતા ન કરતા. ભલે પુલહાશ્રમમાં તપ કરવા ન જઈ શકીએ પણ ઘરે બેસીને કરીએ છતાં ભગવાન રાજી થાય એવું તો જરૂર કરીએ.

તો સાંભળો, આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં ચાતુર્માસ દરમિયાન વિશેષ નિયમો લેવાની આજ્ઞા કરી અને એમાં પોતે પસંદ કરી આપેલા આઠ નિયમો માંથી કોઈપણ એક નિયમ શ્રધ્ધાપૂર્વક જરૂરથી સ્વીકારીશું તો પ્રભુ રાજી થશે.

યાદ રાખો ! વિષેશ નિયમ લીધા સિવાય આ ચાતુર્માસ વ્યર્થ જવો ન જોઈએ. વિશેષ નિયમ ધારણ કરે તેના ઉપર ભગવાનની વિશેષ કૃપા થાય છે.

●

હરિનો મારગ છે શૂરાનો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જેમ જગતના વ્યવહારના દરેક કાર્યમાં શુરવીરતા જોઈએ તેમ ભક્તિમાર્ગમાં પણ શુરવીરતાની જરૂર પડે છે. માટે જ તો સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું કે - "ભગવાનના ભક્તોએ એક તો પતિવ્રતાપણું રાખવું અને બીજું શુરવીરપણું રાખવું." અને એટલે જ તો બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું કે -

"હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે."

જેણે ભગવાનની ભક્તિ કરવી હોય તેણે લોકલાજથી ડરવું ન જોઈએ. ગમે તેવા વિઘ્ન આવે પણ પોતાની ટેક ન છોડે તેને શુરવીર ભક્ત કહેવાય. માટે જ કહ્યું છે કે - "હરિ નો મારગ છે શુરાનો, નહીં કાયરનું કામ જોને." તો મિત્રો ! એવા એક શુરવીર ભક્તની વાત આપણે યાદ કરીએ.

આજથી દોઢસો વર્ષ પહેલાંની એક બનેલી ઘટના છે. ભગવાનના નામ પર જીંદગી ન્યોછાવર કરી નાખે તેવા શુરવીર ભક્તની આ વાત છે. આવા ભક્તોની વાત સાંભળનારને મનમાં થાય કે ફક્ત કંઠી પહેરવાથી સત્સંગી નથી થવાતું, જેના જીવનમાં સત્ય નથી, એક ટેક નથી, નિષ્ઠા કે શુરવીરતા નથી તેવા ભક્તો એ વિચારવા જેવી વાત છે.

સૌરાષ્ટ્રના વિસ્તારની આ વાત સાંભળીને આપણું હૈયું કંપી ઉઠે. બાપ અને દીકરા વચ્ચે બનેલી ઘટના છે. દુઃખ કોઈ પ્રહલાદજીએ જ નહોતા વેઠ્યા. પ્રહલાદજી જેવા ભક્તો આજે પણ આ ધરતી પર છે ! તેમ હિરણ્યકશિપુ જેવાના વંશજો પણ આ ધરતી ઉપર ક્યાંક તો હોય છે જ. કહેવત છે "ભક્ત ત્યાં ભગવાન" જ્યાં ભગવાનના ભક્તો હોય ત્યાં ભગવાનનો વાસ હોય છે જ પરંતુ અસુરો પણ ભક્તને પીડવા આવી જાય છે.

એક ખેડૂતનો દીકરો ચૌદ વર્ષની ઉમરનો હતો. ગામમાં સંતો આવે, ભજન કરાવે, ભક્તિ કરાવે. આ છોકરાને પણ કોઈ સંતની સોબત થઈ ગઈ. ભજન-ભક્તિ ગમવા લાગી. તન્મયતા આવી અને સમય જતા વર્તમાન ધારણ કરી સાચો સત્સંગી થયો. નિયમિત પૂજા-પાઠ કરવા લાગ્યો. દરરોજ વહેલો ઉઠે. સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ ..... સ્મરણ ઉંચે સાદે કરે, સાથે સાથે ઘરમાં મદદરૂપ પણ થાય. આવા સુંદર ગુણ ધરાવતા આ ચૌદ વર્ષના બાળકના પિતાને આ ભજન-ભક્તિ ન ગમી. આ બધું શું માંડ્યું છે ? ખોટી કચકચ..... સવારથી ઉઠે છે ત્યારનો લઈ મંડે છે, રાતે ઉંઘે ત્યાં સુધી છાલ મુકતો નથી. બંધ કર આ બધું. પિતાજી ! આ બંધ નહીં થાય, આ ભજન જીવન સાથે જડાઈ ગયું છે. હવે આ ન છૂટે. બાપે કહ્યું વધારે બોલીશ તો જીભ ખેંચી કાઢીશ. તમે જીભ ખેંચી કાઢશો તો હું મનમાં બોલીશ પણ છોડીશ નહીં.


દીકરાના આ વચનો સાંભળી બાપના મનમાં કાળ વ્યાપી ગયો. મારી સામે બોલે છે ? અસુર જેવો પિતા દીકરાના આ ભક્તિ-ભજનને જોઈ અતિશય ક્રોધે ભરાતો અને અકળાતો.

આ બાળક ચૌદ વર્ષનો હતો એટલે ખેતરના કામકાજમાં ખૂબજ ઉપયોગી બનતો. ગાડું હાંકતો, પૂળા બાંધતો બધી જ રીતે મદદરૂપ થતો તેમ છતાં તેના પિતાને એક ભજન નડતું.

એક દિવસ બાપ-દીકરો સાથે ખેતરમાં ગયા. ખેતરમાં બીજું કોઈ હતું નહી. આ દીકરો સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... બોલતો જાય, ખેતરનું કામ કરતો જાય. ત્યાં તો તેના પિતાએ છોકરાનું ગળુ પકડ્યું. બંધ કર આ બધું. ના, પિતાજી ! આ બંધ નહીં થાય, પ્રાણ જાય પણ સત્સંગ નહીં જાય. તમને ગમે તે કરો હું તો ભગવાન ભજવાનો. આ ખેડૂત છોકરાને ઢસડીને ગાડા પાસે લઈ ગયો. ગાડામાં જોતર લટકતા હતા તેમાં દીકરાનું ગળું ભરાવીને ગાડુ ઉલાળી દીધું. ગળે ટૂંપો આવવાથી ત્યાંને ત્યાં દીકરો તરફડીને મરી ગયો. ઈષ્ટદેવના નામ પર પોતાની જીંદગી ન્યોછાવર કરી દીધી. શહીદ થઈ ગયો. પણ ભજન ન છોડ્યું. ભક્તિ ન છોડી. આવા શુરવીર હરિભક્તો ઉપર ભગવાન સદાય રાજી રહે છે.

માટે મિત્રો ! આપણે પણ આ બાળ શુરવીર ભક્તની જેમ ડાહ્યા થવાનું, ઘરમાં વડીલોનું કહ્યું કરવાનું, મદદરૂપ થવાનું અને ભણવાનું સાથે સાથે શુરવીર ભક્ત બનવાનું, કારણ કે 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને !'

????????????પ્રશ્નપેટી????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર ગુરુકુળ)

પ્રશ્ન : ૧ स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारण् ॥
આ શ્લોકનો ઉલ્લેખ સ્વામિનારાયણ ભગવાને ક્યા શાસ્ત્રમાં કર્યો છે.

પ્રશ્ન : ૨ મેંગણી તાલુકાના માનભા ને કોણે સત્સંગ કરાવ્યો હતો ?

પ્રશ્ન : ૩ ઘનશ્યામ મહારાજના બાળકેશ મુંડન કઈ સાલમાં કરવામાં આવ્યા હતા અને ત્યારે પ્રભુની ઉંમર કેટલી હતી ?

પ્રશ્ન : ૪ "જેને ભગવાનના નિશ્ચયમાં ખામી હોય તેને કેવા વિચારો આવે ?"
- આ પ્રશ્ન કોણે અને કોને પૂછ્યો છે ?

પ્રશ્ન : ૫ "ભલો ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળસે નારજી,
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બારજી....."
- આ ક્યાં કીર્તનની કડી છે અને તેના રચયિતા કોણ છે ?

પ્રશ્ન : ૬ ગઢપુરમાં સ્વામિનારાયણ ભગવાનના પરમભક્ત હરજી ઠક્કર અને કાયાભાઈ મંદિરના ચોકમાં વાતો કરતા હતા અને કાયાભાઈથી ભૂલથી કુતરાનું પૂંછડું દબાઈ ગયું ત્યારે કુતરુ ઉંઆ-ઉંઆ કરવા લાગ્યું ત્યારે કાયાભાઈએ શું કર્યું ? અને તે કાયાભાઈ ક્યા ગામના હતા ?

પ્રશ્ન : ૭ કઈ કઈ અને કેટલી જગ્યાએ જુઠું બોલવામાં પાપ, દોષ લાગતો નથી ?

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની ચાદી

વૈશાખ સુદી-૩ પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી પ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના યજ્ઞોપવિત પ્રસંગે. વૈશાખ સુદી-૧૦ પ.ભ. પટેલ બચુલાલ, ધુમાસણવાળા. **વૈશાખ સુદી-૧૨** પ.ભ.ઘનશ્યામભાઈ કાળીદાસ પટેલ, ગુલાબપુરા. **વૈશાખ સુદી-૧૫** પ.ભ. રૂક્મણીબેન ગીરધરલાલ ગજ્જર (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર), અમદાવાદ. **વૈશાખ વદી-૩** પ.ભ. બળદેવભાઈ જેશંગભાઈ ચૌધરી, બાલવા. અ.નિ. વેલબાઈ વાલજીભાઈ - અ.નિ. વાલબાઈ વાલજીભાઈ, કેરા-કચ્છ. **વૈશાખ વદી-૪** પ.ભ. કમલેશભાઈ ગોરમહારાજ. પ.ભ. કાનજીભાઈ રત્નાભાઈ હાલાઈ, કોડકી-કચ્છ. **વૈશાખ વદી-૬** પ.ભ. દેવેન્દ્રભાઈ જગન્નાથભાઈ ઉપાધ્યાય, અમદાવાદ. પ.ભ. ચંદ્રકાંતાબેન નરસિંહરામ બ્રાહ્મણ, બાલાસિનોર. **વૈશાખ વદી-૧૦** પ.ભ. રામજીભાઈ કાનજીભાઈ વિરાણી પ.ભ. રતનબાઈ રામજીભાઈ ગુડિયા, દહીંસરા. **વૈશાખ વદી-૧૨** પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભી, અમદાવાદ. પ.ભ. મણીભાઈ ગોબરભાઈ પટેલ, ધનસુરા. પ.ભ. કનુભાઈ મણીભાઈ ઠક્કર. **વૈશાખ વદી-૧૪** પ.ભ. સુભદ્રાબેન અરવિંદકુમાર મોદી. પ.ભ. રાજુભાઈ એ ગાંધી. **વૈશાખ વદી-૩૦** પ.ભ. રમણલાલ અમૃતલાલ બ્રહ્મભટ્ટ, અમદાવાદ.

જેઠ સુદી-૧ પ.ભ. ભુવા પરબતભાઈ પ્રેમજીભાઈ, સુખપર-ભુજ **જેઠ સુદી-૩** પ.ભ. સંતોકબેન કાંતિલાલ પટેલ, વડુ. અ.નિ. પૂજ્ય સ.ગુ. ગવૈયા સ્વામીની ત્રયોદશા નિમિત્તે અમદાવાદ. **જેઠ સુદી-૪** અ.નિ.સ.ગુ. ચૈતન્ય સ્વામીની ત્રયોદશા નિમિત્તે અમદાવાદ. **જેઠ સુદી-૫** પ.ભ. પાર્વતીબેન ભૂખણદાસ તોલાટ. પ.ભ. બળદેવભાઈ ગાંડાભાઈ પટેલ, અમેરિકા. **જેઠ સુદી-૧૦** શ્રીહરિ અંતરર્ધાન તિથિ નિમિત્તે (મંદિર તરફથી) **જેઠ સુદી-૧૨** પ.ભ. પ્રદિપાબેન નારાયણભાઈ પટેલ અમદાવાદ. પ.ભ. ભાનુભાઈ હિંમતલાલ પેટલ. **જેઠ સુદી-૧૩** પ.ભ. વિઠ્ઠલભાઈ શીવરામભાઈ પટેલ. **જેઠ સુદી-૧૪** પ.ભ. મહેન્દ્રભાઈ પટેલ (ગવાડાવાળા) **જેઠ સુદી-૧૫** પ.ભ. રૂક્મણીબેન ગીરધરલાલ ગજ્જર (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર), અમદાવાદ. **જેઠ વદી-૫** પ.ભ. પ્રવિણભાઈ અમીચંદભાઈ પટેલ, સાપાવાડા. અ.નિ. ગવૈયા સ્વામી દેવપ્રકાશદાસજી (હ. વિષ્ણુસ્વામી (સહજાનંદ ગુરુકુળ ભાવનગર)) પ.ભ. ભીમજીભાઈ વાઘજીભાઈ ખેતાણી, મદનપુર-કચ્છ **જેઠ વદી-૬** પ.ભ. હિતેન્દ્રકુમાર હિંમતભાઈ ખાંભડા **જેઠ વદી-૯** પ.ભ. પુષ્પાબેન અરુણભાઈ મગનભાઈ પટેલ

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં ગુરુપ્રણિમા મહોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમા મહોત્સવ વેદપરંપરાગત રીતે શાસ્ત્રોક્ત વિધિથી ભવ્ય રીતે સંપન્ન થયો.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લંડનના ધર્મપ્રવાસે પધાર્યા હોવાથી તેમના સ્થાને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. તેઓશ્રીનું સૌ પ્રથમ વિદ્વાન પંડિતોએ સ્વસ્તી વાચન કરી વેદવિધિસર પૂજન કર્યું હતું. ત્યારબાદ-અમદાવાદ, મૂળી અને ભૂજ દેશનાં સંતો-હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શન-પૂજન-ચરણ સ્પર્શનો મહાલાભ લીધો હતો. આ પ્રસંગે સભામાં પ.પૂ. મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પણ હરિભક્તોએ ચરણ-સ્પર્શ દર્શન કરી પૂજન કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન માટે લાંબી લાંબી દર્શનાર્થીઓની કતારો લાગી હતી. દૂર સૂદૂરથી હરિભક્તો પોતાના ધર્મગુરુના દર્શન કરી આશીર્વાદ લેવા પડાપડી કરતા દ્રશ્યો ખરેખર આસ્તિકોની શ્રધ્ધા ભાવનાના દર્શન કરાવતા હતા. ખરેખર અહીં દર્શન કરી આશીર્વાદ લઈ સૌ સાશ્વત શાંતિ અનુભવતા હતા. પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી કોઠારી સ્વામી અને શા.સ્વા. સત્યપ્રકાશદાસજી આદિ સંતો અને સ્ટાફે પણ સુંદર સેવા બજાવી હતી.

(વિનોદ પટેલ)

ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૮ મો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ૮માં વંશજ અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુત્ર રત્ન પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૮મો પ્રાકટ્યોત્સવ અષાઢ વદ-૧૦ના શુભદિને પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પવિત્ર સભા મંડપમાં ધામધુમથી ઉજવાયો હતો.

શ્રી નરનારાયણદેવની શણગાર આરતી બાદ પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં બિરાજીત થયા હતા. સૌ પ્રથમ વિદ્વાન પંડિતોએ વેદના મંત્રોચ્ચાર પૂર્વક સ્વસ્તિવાચન કર્યું હતું. ત્યારબાદ જયેશભાઈ સોનીએ જન્મોત્સવના સુંદર કીર્તનોનું ગાન કર્યું હતું. અસારવા ગુરુકુલના બાળકો સુંદર રાસ રમ્યા હતા. જેનાથી જન્મોત્સવના આનંદમાં અતિશય ઉમેરો થયો હતો.

ત્યારબાદ વિદ્વાન સંતોએ પોતાની ભાવવાહી શૈલીમાં પ્રવચન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને જન્મોત્સવની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા અનેક સંતો હરિભક્તોએ સુગંધીમાન પુષ્પહાર પહેરાવીને ધન્યતા અનુભવી હતી. જન્મોત્સવ પ્રસંગે પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી કોઠારી સ્વામી તથા શા. સત્યપ્રકાશ સ્વામી અને સંત મંડળ, કોઠાર સ્ટાફે સુંદર સેવા બજાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પણ પ્રશંસનીય સેવા બજાવી હતી.

(શા. સત્યપ્રકાશદાસજી)

અમદાવાદ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના અલૌકિક હીંડોળા દર્શન

અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી હિન્દુ ધર્મમાં દરેક મંદિરોમાં ભગવાનને વિવિધ પ્રકારના હીંડોળા શણગારીને તેમાં ભગવાનને ઝુલાવવામાં આવે છે. આ દર્શન ખરેખર અદ્‌ભૂત અને મનોહર લાગે છે. અમદાવાદ શહેરના સુપ્રસિધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભરતખંડના અધિષ્ઠાતા સર્વોપરિ શ્રી નરનારાયણાદિદેવોને અષાઢ વદ-૨ થી વિવિધ પ્રકારના ફૂટ, શાકભાજી, સૂકામેવા, ફુલ, અનાજ વગેરેના અવનવી ડિઝાઈન કરીને કલાત્મક શોભાયમાન હીંડોળા બનાવીને સર્વોપરિ શ્રી હરિકૃષ્ણ મહારાજને ઝુલાવવામાં આવે છે. જેના દિવ્ય દર્શન કરી હજારો ભક્તજનો ખૂબજ ભાવ વિભોર બનીને ભગવાનમાંતન્મય થઈ જાયછે. પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી હીંડોળની સેવાના હરિભક્તો યજમાન બનીને દિવ્ય લાભ લઈ રહ્યા છે. કોઠારી સ્વામી, શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજી અને સંત મંડળ અને કોઠાર સ્ટાફના યુવાનોએ હીંડોળાની સેવામાં સતત પ્રવૃત રહીને મહારાજનો રાજીપો મેળવી રહ્યા છે.

અમદાવાદ શહેરવાસી ભક્તજનો આપ સૌ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના હીંડોળાના દર્શન કરવા નિત્યે ન અવાય તો અગિયારસ પૂનમે જરૂર આવશો. આવા દિવ્ય દર્શન જીવને યાદ રહી જાય તો બેડો પાર થઈ જાય. આપણા દરેક નાના-મોટા મંદિરોમાં (અમદાવાદ શહેરના અને ગામોગામના) પણ વિવિધ પ્રકારના હીંડોળા દર્શન કરાવવામાં આવે છે.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

જેતલપુર મંદિરમાં ભવ્ય કલાત્મક રેશમના હીંડોળા દર્શન

સર્વોપરિ શ્રીજીમહારાજના ચરણોથી અંકિત દિવ્ય ભૂમિ જેતલપુર ધામમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની સમીપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૬-૮-૦૫ થી તા. ૩-૯-૦૫ પર્યન્ત રેશમનાં રંગબેરંગી બેનમૂન કલાત્મક સુંદર હીંડોળાના દર્શન કરાવવાનું આયોજન કર્યું છે. તો દરેક શ્રધ્ધાળુ ધર્મપ્રેમીજનોએ જેતલપુર મંદિરમાં હીરના હીંડોળાના દર્શનનો જરૂર લાભ લેવો. *(મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, જેતલપુર)*

ધોળકા મંદિરમાં ગુરુપૂર્ણિમા અને હિંડોળા ઉત્સવ ઉજવાયો

સર્વોપરિ ધામ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અનુમતીથી અત્રે ગુરુપૂર્ણિમાના રોજ સભા

મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પ્રતિમા પધરાવીને પૂજ્ય મહંત સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી અને સંત હરિભક્તોએ ગુરુપૂજન કરી સભામાં ધર્મવંશી ગુરુનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું. ધોળકા અને ગામો ગામના હરિભક્તોએ ગુરુ પૂજનનો લાભ લીધો હતો. શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજને વિવિધ પ્રકારના સુંદર દેદિપ્યમાન હીંડોળા બનાવીને ઝુલાવવામાં આવે છે. હરિભક્તો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લેવા આવે છે. *(પા. મનુભગત અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

ઊંઝા (બ્રાહ્મણશેરી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હીંડોળા મહોત્સવ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા (બ્રાહ્મણ શેરી)માં હરિભક્તોએ ઠાકોરજી સમક્ષ ભવ્ય હીંડોળા દર્શન કરાવવાનું આયોજન કર્યું છે. જેનો શુભારંભ તા. ૨-૮-૦૫ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સંપન્ન થશે. આ હીંડોળા દર્શન તા. ૨-૮-૦૫ થી તા. ૩૦-૮-૦૫ પર્યન્ત થશે.

આબુરોડ શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજ ને ખુલ્લી મુકતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આબુરોડ શ્રી સ્વામિનારાયણ આશ્રમના સંચાલક કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી રાજસ્થાનના આબુરોડની અતિ સુંદર વિશાળ ભૂમિ પર શ્રી સ્વામિનારાયણ આશ્રમ થોડા વર્ષ પૂર્વે ચાલુ કરેલ. જે સંકુલમાં સુંદર સ્કુલ-કોલેજનું નિર્માણ સાથે ધર્માર્થ ઔષધાલયનું સુંદર બાંધકામ પૂર્ણ થતા વાસ્તુપૂજન તથા મહાપૂજા તથા શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજનું ઉદ્ઘાટન તા. ૧૫-૭-૨૦૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયેલ. તદુપરાંત શ્રી સ્વામિનારાયણ સત્સંગ હોલનું ભૂમિ પૂજન અને વૃક્ષારોપણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી, શાસ્ત્રી કેશવપ્રસાદદાસજી આદિ વિદ્વાન સંતો પધાર્યા હતા.

જેમાં સ્થાનિક અને સાબરમતી - કાંકરિયાના હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. પુસ્તકાલયના હોલમાં સુંદર સભા યોજવામાં આવી હતી. જેમાં વિદ્વાન સંતોએ પ્રરક પ્રવચન સાથે અત્રે શિક્ષણ સાથે સંસ્કાર સિંચનની પ્રવૃત્તિ ખૂબજ વિકાશ પામે તે માટે પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા અત્રેના શિક્ષણ સંકુલમાં ગુજરાત અને રાજસ્થાનના બાળકો અભ્યાસ સાથે સંપ્રદાયના ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત કરી સારા નાગરિક બને તેવા આશિષ આપ્યા હતા. અંતમાં આભાર વિધિ કાંકરિયા મહંત સ્વામી અને પ.ભ. શંકરભાઈ પટેલે કરી હતી.

શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજનું બાંધકામ ફ્રાંગધ્રાના (હાલ દિલ્હી) અ.નિ. પ.ભ. મોહનભાઈ પાનાચંદભાઈ ગાંધીના સ્મરણાર્થે કરવામાં આવેલ તથા ધર્માર્થ ઔષધાલયનું બાંધકામ અ.નિ. હસુમતીબેન વાડીલાલ મોદીના સ્મરણાર્થે શ્રી કમલેશભાઈ વાડીલાલ મોદી (ફટાકડાવાળા) તરફથી કરવામાં આવેલ.

આ પ્રસંગે હજારો ભક્તોને પ્રસાદનું સુંદર આયોજન કરેલ. અત્રે વસતા પ.ભ. નટુભાઈ ચા વાળાને ત્યાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધરામણી કરી હતી. કષ્ઠભંજન પાઠ મંડળ દ્વારા હનુમાન ચાલીસાનું આયોજન કરેલ.

(આનંદ સ્વામી)

શ્રી સ્વામિનારાયણ વિવિધ સેવા નિકેતન જેતલપુર

શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં જેતલપુરમાં શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઘણા વરસોથી ઉચ્ચ શિક્ષણ સાથે સંસ્કાર સિંચનનું ઉત્તમ કામ કરે છે. ગત ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ધો. ૧૦નું ૧૦૦ ટકા, નરનારાયણ શાસ્ત્રી પી.ટી.સી. કોલેજનું પ્રથમ વર્ષનું ૯૯% અને બીજા વર્ષનું પરિણામ પણ ૯૯% આવેલ છે. તેમજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજનું ૨૦૦૪-૦૫ના વર્ષનું ૯૯% પરિણામ આવેલ છે.

ઉપરોક્ત પરિણામ જાણી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિદ્યાર્થીઓને ગુરુકુળના સંચાલક તેમજ અધ્યાપક ગણને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા છે. ગુરુકુળ સંકુલમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓને કે.જી.થી બી.એડ. સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી આત્મપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી)ના નેતૃત્વમાં સંસ્થાનું સંચાલન કરવામાં આવે છે.

(પ્રિન્સીપાલ દિનેશભાઈ પટેલ)

નારાયણઘાટ મંદિરમાં યજ્ઞ શાળાનું ઉદ્ઘાટન

અમદાવાદમાં સાબરમતીના કિનારે આવેલા આપણા પવિત્ર તીર્થોત્તમ ભૂમિ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પ્રાંગણમાં હરિભક્તોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી એક સુંદર બેનમુન 'યજ્ઞશાળા'નું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું. તા. ૧૪-૭-૨૦૦૫ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દિવ્ય યજ્ઞશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અત્રેના મહંત સાધુ ઘનશ્યામપ્રકાશદાસે નારાયણઘાટ મંદિરનો મહિમા અને આવા દિવ્ય અલૌકિક તીર્થમાં કર્મકાંડ પૂજા-યજ્ઞનું ત્વરિત ફળ મળે છે તેવું પોતાના પ્રવચનમાં કહ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ રાજી થઈને યજ્ઞ શાળામાં યજ્ઞો પવિત લેનાર વિપ્ર બટુકોને આશીર્વાદ આપ્યા હતા.

(સાધુ પૂર્ણપ્રકાશદાસ)

નારાયણપુરા (તા. કડી)

અત્રે નારાયણપુરા ગામના અ.નિ. પ.ભ. કિશોરભાઈ ઝવેરભાઈ પટેલને ત્યાં શ્રીજી મહારાજની પ્રસાદીની અલૌકિક વસ્તુઓ પરંપરાગત સચવાયેલી હતી. જે તેમના પરિવારને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવાનો સંકલ્પ થયો અને પ.પૂ. મોટા મહારાજશ્રીને આ અંગે અત્રે પધારવા પ્રાર્થના કરી. આથી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જેઠ સુદ-૧૫ના

નારાયણપુરા ગામે પધાર્યા. જ્યાં મંદિરમાં દર્શન કરી આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં ગામના સૌ હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અને સભામાં અ.નિ.પ.ભ. કિશોરભાઈ ઝવેરભાઈ પટેલ (ચોપડા)ના સમસ્ત પરિવારે ચરણારવિંદ, નખ, કેશ, મણકાની પેટી આદી શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુ પ.પૂ. મહારાજશ્રીને અર્પણ કરી. પ.પૂ. મહારાજશ્રીએ તે સૌ પરિવાર ઉપર ખૂબજ રાજી થઈ પ્રસંન્ન થઈ આશીર્વાદ આપ્યા હતા. સમગ્રપ્રસંગમાં હિંમતનગરના મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી પ્રેરક રહ્યા હતા. *(પા. ઘનશ્યામ ભગત)*

હિંમતનગર-ખેરોલમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને હિંમતનગર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી અત્રે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખૂબજ સક્રિય રહી પ્રવૃત્તિ કરે છે. દર રવિવારે સાંજે ૫-૩૦ થી ૭-૩૦ સુધી ભજન-કીર્તન કથા ની પ્રવૃત્તિ થાય છે. દર એકાદશીના હરિભક્તોને ત્યાં સભા કરવામાં આવે છે. તેજ રીતે ખેરોલ ગામમાં પ.ભ. રાવજીભાઈને ત્યાં અ.નિ. રાજુભાઈની માસિક પુણ્ય તિથિ નિમિત્તે સત્સંગ સભા રાખવામાં આવી હતી. ત્યાં મંદિરમાં જેઠ સુદ-૧ પના રોજ સભા કરવામાં આવી હતી. જેમાં ઘનશ્યામ ભગતે નંદ સંતોના કીર્તન ગાઈને સૌને રાજી કર્યા હતા. મહંત સ્વામી આનંદજીવનદાસજીએ અને હરિપ્રકાશ સ્વામીએ શ્રીહરિનો મહિમા અને ધર્મકુળનો મહિમા વર્ણવી શુદ્ધ અને મૂળ સંપ્રદાયને વળગી રહેશે તેના કલ્યાણમાં કોઈ વાંધો નહી આવે તેમ સુંદર વાત કરી હતી.

(ઘનશ્યામ ભગત)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી અત્રેના મહંત સ્વામી હરિવલ્લભદાસજીની પ્રેરણાથી વૈશાખ સુદ-૩ના શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ સાથે શ્રીહરિ ઐશ્વર્ય દર્શનની પંચદિનાત્મક પારાયણ શા. વ્રજવલ્લભદાસના વક્તા પદે થઈ હતી.

જેઠ સુદ-૧૩ તા. ૨૦-૬-૦૫ના શુભ દિને શ્રીરાધાકૃષ્ણ દેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજનો દિવ્ય અભિષેક તથા ત્રિદિનાત્મક વ્યાખ્યાન માળાનું આયોજન કર્યું હતું. ગામનાં અને આજુબાજુના ગામના હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્ય ધન્ય થયા હતા. અભિષેક તથા કથાનું આયોજન સાં. રઈબાએ કર્યું હતું. *(સુવ્રત સ્વામી)*

ઈડર મંદિરનો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર મહંત જગદીશપ્રસાદ સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેઠ સુદ-૧૨ના સવારે પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો અભિષેક-વિધિ થયો હતો. ત્યાર પછી અતિ બીમારીથી પથારીવશ કરશનભાઈ કુબેરભાઈ પટેલની સંભાળ લેવા પધાર્યા. મહારાજશ્રીના આશીર્વાદથી તેમને સારું પણ થઈ ગયું ! પુનઃ મંદિરે પધારીને અન્નકૂટની આરતી ઉતારી અને સભામાં પધાર્યા.

પાટોત્સવના યજમાન ડુંગરીના શ્રી અમીચંદભાઈ સાંકાભાઈ પટેલે સપરિવાર મહારાજશ્રીની આરતી-પૂજનનો લ્હાવો લઈને આશીર્વાદ લીધા હતા. સભામાં સૌ પ્રથમ ઈડર મહંતશ્રીએ પૂ. મહારાજશ્રીનું પૂજન કર્યું. સભા સંચાલક શા. હરિજીવનદાસજીએ ઈડર મંદિરનો પરિચય આપ્યા પછી ધોળકા, મૂળી, હિંમતનગર, સોકલીથી પધારેલ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઉપરાંત લાલોડા, ટોરડા, લેઈ, અમદાવાદ વગેરે ધામોના સંતોની ઉપસ્થિતિ હતી. પૂ. મહારાજશ્રીએ આશીપ્રવચનમાં જણાવ્યુ કે - અમદાવાદના સંતો અમારી આજ્ઞા થાય તો બ્રહ્માનંદ સ્વામીની જેમ તરત જ મહંત પદનો ત્યાગ કરી દે એવા નિઃસ્પૃહી છે. અત્રે ઈડર મંદિર તરફથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુજરાતના પુર પીડિતોને સુખડી અને સેવના પેકેટ બનાવીને જીલ્લા કલેકટરશ્રીને વિતરણ માટે પહોંચાંડ્યા હતા.

(સાધુ સત્યસંકલ્પદાસજી, ઈડર)

સિધ્ધપુર મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુરમાં બિરાજમાન શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજનો ૧૪૨મો પાટોત્સવ જેઠ સુદ-૧૧ના ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને પોતાના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર રીતે કરેલ. જેના દર્શન હજારો ભાવિકોએ કરી અતિ ધન્ય ભાગી બન્યા હતા. પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન પ.ભ. નવિનચંદ્ર નાનદાસ પટેલ તથા પ.ભ. બાબુભાઈ જીવાભાઈ તથા પ.ભ. મહેશભાઈ જીવાભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મહાપૂજાની પૂર્ણાહુતિ કરીને અન્નકૂટ આરતી ઉતારી હતી. અત્રેના સ્થાનિક તેમજ ઊંઝા અને બીલીયાથી હરિભક્તો દર્શનનો લાભ લેવા ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. અત્રેના મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સુંદર વ્યવસ્થા કરી હતી.

(સાધુ બાલમુકુંદદાસ)

શિરોહી સ્વામિનારાયણ મંદિર (રાજ.)

શ્રી સ્વામિનારાયણ મંદિર શિરોહી ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. મંદિરમાં સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસ્વીરનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી સૌએ ગુરુપૂજન કર્યું હતું. સ્વામી અક્ષરવિહારીદાસે ગુરુ મહિમા સમજાવ્યો હતો. *(કોઠારીશ્રી, શિરોહી)*

શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ

શ્રી નરનારાયણદેવ તાબાના કરજીસણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુરુપૂર્ણિમાના રોજ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપૂજા વિધિ મંદિરના પૂજારી શાસ્ત્રી જસુભગતે કરાવી હતી. સવારે ૭ થી ૧૦ પર્યન્ત વિધિ ચાલી હતી. મહાપૂજાના યજમાનપદે પ.ભ. માણેકલાલ નરસિંહદાસ પટેલ રહ્યા હતા. કરજીસણ ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ૩૬ વાર પધારેલા છે. દંઢાવ્ય પ્રદેશનું આ ગામ મહાન પ્રસાદીનું છે. અહીં આપણું વિશાળ

ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે. પ.ભ. શ્રી પ્રહલાદભાઈ પટેલ (ન્યુજર્સી) અને અન્ય હરિ ભક્તોએ મંદિર માટે ખૂબજ મોટી સેવા કરેલી છે. દરેક હરિભક્તે અહીં દર્શન કરવા જેવા છે. *(પૂજારી પાર્ષદ જશુભગત)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી ગુજરાતના પુર પીડિતોને ફૂડ પેકેટનું વિતરણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની પ્રેરણાથી મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી ગુજરાતમાં અતિવૃષ્ટિમાં અસર પામેલા ખેડા, નડીયાદ અને આણંદ વિસ્તારમાં પુરી-શાક, સેવ અને સુખડીનાં પેકેટ બનાવીને મોટી સંખ્યામાં સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરશ્રીને પુર પીડિતો માટે પહોંચાડવામાં આવ્યા હતા.

(મહંત સ્વા. નરેન્દ્રપ્રસાદદાસ)

મૂળી મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

ઝાલાવાડ પ્રાંતના સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમાના રોજ મંદિરના દિવ્ય સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા આપણા આદ્યજ્ઞાન ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું પૂજન સર્વોપરિ ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં વેદ વિધિસર રીતે ધામધુમથી સંપન્ન થયેલ. જેમાં સવારે ૭-૩૦ થી ૯-૦૦ મહાપૂજા, સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ સત્સંગ સભા અને ૧૦-૦૦ થી ૧૦-૩૦ ગુરુપૂજન (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસ્વીરનું પૂજન) સુંદર રીતે ધામધુમથી હજારો હરિભક્તોએ ઉપસ્થિત રહી કર્યું હતુ. સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી સમગ્ર કાર્યક્રમનું આયોજન મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી અને કોઠારી જયપ્રકાશદાસજીએ કર્યું હતું. *(ભરત ભગત)*

સુરેન્દ્રનગર બહેનોના મંદિરનો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને પરમ પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞાથી અને સાં. કમળાબાની પ્રેરણાથી અષાઢ સુદ-૨ ના મંદિરનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૪-૭-૦૫ થી તા. ૮-૭-૦૫ પર્યન્ત શ્રી નિષ્કુળાનંદ કાવ્યની પારાયણ સાં. કોકીલાબાના વકતાપદે થઈ હતી. પાટોત્સવના શુભ દિને બહેનોની સમૂહ મહાપૂજા, અભિષેક, અન્નકૂટનું આયોજન કરવામાં આવેલ. સાં. ઉપાબાએ સુંદર સેવા બજાવી હતી. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

ચરાડવા મંદિર દ્વારા સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ-આજ્ઞા - આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવામાં નીચે મુજબ હરિભક્તોને ત્યાં સત્સંગ સભા રાખવામાં આવેલ. તા. ૪/૫ના પ.ભ. ગોકળભાઈ જેરામભાઈ ૨૦-૫ પ.ભ. ધરમશીભાઈ ડાહ્યાભાઈ, ૨-૬ના શ્રી કલ્યાણભાઈ પાંચાભાઈ તા. ૧૮-૬-ના શ્રી હિતેશભાઈને ત્યાં ધૂન-કીર્તન-ભજન આદિ સમૂહમાં કરવામાં આવેલ. સભામાં સંતોએ પ્રેરક પ્રવચન આપેલ. *(જયેશભાઈ આઈ. સોનાગ્રા ન.ના.દેવ યુવક મંડળ)*

ઘ્રાંગધ્રાં સંસ્કારધામ ખાતે ગુરુપૂર્ણિમાં મહોત્સવ ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામ ગુરુકુળ ખાતે તા. ૨૧-૭-૨૦૦૫ના ગુરુપૂર્ણિમાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રતિમાનું હરિભક્તો સંતો અને વિદ્યાર્થીઓએ ગુરુપૂજન કરી ગુરુ ઋણ અદા કર્યું હતું. સંચાલક સ્વામીશ્રી રામકૃષ્ણદાસજીએ આપણા ધર્મગુરુનું જ પૂજન ગુરુ પૂર્ણિમાએ દરેક આશ્રિતોએ કરવું જોઈએ તે વાત શાસ્ત્ર પ્રમાણ સાથે સમજાવી હતી. *(પ્રતિ. અનીલભાઈ દુધરેજીયા)*

વિદેશ સત્સંગ સમાચાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો યુ.કે.નો ધર્મપ્રવાસ

ઈંગ્લેન્ડમાં સૌ પ્રથમ આપણા મૂળ સંપ્રદાયનું વિધિસરનું મંદિર લંડન વિલ્સડનલેનમાં આજથી ત્રીસ વર્ષ પહેલાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અસ્તિત્વમાં આવ્યું. ત્યારથી આજ દિન સુધી પ્રગતિનાં પંથે અવિરત સત્સંગનો વિકાસ થયો છે. જેમાં મંદિરનું પુનઃનિર્માણ કરીને ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અર્ચા સ્વરૂપ અતિ દિવ્ય મંગળકારી સુંદર રમણીય ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી અક્ષરધામ તુલ્ય આપણા મંદિરમાં અવાર નવાર સુંદર ભવ્ય ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતોની ઉપસ્થિતિમાં થયા કરે છે. તેવો જ દિવ્યતા આપનાર અને શ્રીજી મહારાજની સાક્ષાત્ અનુભૂતિ કરાવનાર આ વરસનો આપણા મંદિરનો ગુરુપૂર્ણિમાનો પાટોત્સવ ઉજવાયો. જેમાં પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન ઉપર વિરાજમાન થયા પછી સૌ પ્રથમ વખત પધાર્યા હતા. અને સાતે સાત દિવસ મંદિરમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણમાં સાંજ અને સવારે બન્ને સમય દર્શન આપીને સત્સંગ સમાજને અતિ આનંદ આપ્યો હતો. ભગવાન શ્રીહરિના દિવ્ય લીલા ચરિત્રો શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાં દિવ્યવાણીથી અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજી તથા ભૂજ મંદિરના સંતો અનુક્રમે સવાર સાંજ વિદ્વતાપૂર્ણ શૈલીમાં કથાનું રસપાન કરાવતા હતાં. શ્રોતાજનો ભક્તિ ભાવ પૂર્વક શ્રધ્ધાથી કથામાં તલ્લીન બની ને કથા શ્રવણનો આનંદ માણતા હતા. ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે મંગલપ્રભાતમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજની દિવ્ય મૂર્તિનો ષોડશોપચાર પૂર્વક પૂજન વિધિ તેમજ મહાભિષેકના દિવ્ય દર્શન સૌ ભક્તોને થયા. જેમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ વિવિધ રસોથી તેમજ કેસર મિશ્રિત જળથી અભિષેક કર્યો જેના દર્શનથી અત્રે ઉપસ્થિત હજારો ભકતજનો ભાવ વિભોર બની દર્શનમાં તલ્લીન બની ગયા હતા.

સાંજની સભામાં ગુરુપૂર્ણિમાનો અલૌકિક મહિમાં સંતોએ કહ્યો. અને આપણને સ્વયં શ્રીહરિએ ગુરુસ્થાને આપેલા એવા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું વિધિપૂર્વક પૂજન લંડન વિલ્સડનલેન સ્વામિનારાયણ મંદિરના

પ્રેસિડેન્ટ પ.ભ. શ્રી મનજીભાઈ હાલાઈ અને સંતોએ તથા હજારોની સંખ્યામાં હરિભક્તોએ કર્યું અને સૌ એ પ્રત્યક્ષ રૂડા આશીર્વાદ મેળવ્યા.

સોમવાર તા. ૧૮ જુલાઈથી ૨૪ જુલાઈ રવિવાર સુધી દિવ્ય મંગલમય કથા તથા કીર્તન ભક્તિ, ઠાકરથાળી, અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી મંદિરનું વાતાવરણ દિવ્ય અક્ષરધામ તુલ્ય થયું. બુધવારે ૨૭ જુલાઈના પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને ભાવભીની વિદાય આપી. ત્યાર પછી યુવકોના કેમ્પમાં સંતો તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પધાર્યા. યુવાનોને આનંદ વિનોદ સાથે નજીકની દિવ્યતાનું સુખ આપીને ધન્ય બનાવી દીધા! ખરેખર યુ.કે.ના હરિભક્તોને અતિ આનંદ થઈ ગયો. બધાએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન - આશીર્વાદનું ખૂબ જ સુખ લીધું. *(મંત્રીશ્રી શિવજીભાઈ)*

ફ્લોરિડા લેકલેન્ડમાં I.S.S.O. પ્રસ્થાપિત નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા નિવૃત આચાર્ય મહારાજશ્રી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પથી અને હરિભક્તોના સાથ સહકારથી ફ્લોરિડામાં (I.S.S.O.) નૂતન મંદિર પૂર્ણ થતા તા. ૩-૭-૦૫ના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શ્રી વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને દિપાવવા તથા મૂર્તિ પ્રતિષ્ઠા કરવા અમદાવાદથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૨૮-૬-૨૦૦૫ના સંત મંડળ સાથે પધાર્યા હતા. ત્યારે અત્રેના હજારો હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત સામૈયું ધામધુમથી કર્યું હતું. તા. ૨-૭-૦૫ના બપોરે ૧-૦૦ કલાકે ઠાકોરજી તથા પૂ. મહારાજશ્રીની શોભાયાત્રા ફ્લોરિડાના રાજમાર્ગો ઉપર નીકળી ત્યારે શોભાયાત્રામાં ઉપસ્થિત હજારો હરિભક્તો ખૂબજ તન્મયતાથી ભાવ વિભોર થઈ નાચતા-કુદતા સ્વામિનારાયણ મહામંત્ર ધૂન બોલતા-ફટાકડાના નાદ સાથે ભક્તિમય વાતાવરણમાં ઈન્દ્રદેવને પણ ભાગ લેવાનું મન થતા ઝરમર ઝરમર વરસવા લાગ્યો હતો. દરેક પ્રસંગોમાં બનતા સાક્ષાત્ શ્રીજી મહારાજના અપર સ્વરૂપના દર્શને પધારીને પ્રસંગમાં હાજરી પુરાવીને સુંદર વાતાવરણ ખડું કરીને ઈન્દ્રદેવ અદ્રશ્ય થઈ ગયા! યુવાનો અને બાળકોના મન આજે અતિ આનંદમગ્ન સાથે પ્રફુલ્લિત બન્યા હતા.

તા. ૩-૭-૨૦૦૫ના રોજ પ્રાતઃ કાળમાં I.S.S.O.ના આ ભવ્ય નવ નિર્મિત મંદિરમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ કર કમળ વડે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ સ્વરૂપોના અંગન્યાસ, નેત્રોન્મિલન તથા શિક્ષાપત્રીમાં સર્વોપરિ શ્રીજી મહારાજે સ્વયં લખેલ આજ્ઞા મુજબ જે સ્વરૂપની આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરી હોય તેજ સેવવા અને પૂજવા યોગ્ય છે. તે અનુસારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વેદોક્ત વિધિથી ઠાકોરજીના બધા સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી હતી. જે દર્શન માટે ફ્લોરિડાના ભાવિકો ઘણા વરસોથી તપ કરતા હતા જે આજે પરિપૂર્ણ થયું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ત્યારબાદ ક્રમશઃ યજ્ઞ અને કથા પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ મૂર્તિ પ્રતિષ્ઠાનું મહત્વ માહાત્મ્ય અને ધર્મવંશી આચાર્ય દ્વારા પ્રતિષ્ઠાપિત મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન આવીને વસે છે તે ઉપર દ્રષ્ટાંત સહિત વિવરણ કર્યું હતું. છેલ્લે આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે બધા કહેતા હતા કે આ લોકોથી (સંખ્યા ઓછી હોવાથી) મંદિર નહીં થઈ શકે. પરંતુ પ.પૂ. બાપૂજીનો સંકલ્પ હોય પછી તે પરિપૂર્ણ થાય જ. તેમ અહીં ટૂંકા સમયમાં આપણું ભવ્ય મંદિર નિર્માણ થયું.

આ પ્રસંગે આપણા ન્યુજર્સી, એલ.એ., હ્યુસ્ટન, બોસ્ટન, શિકાગો, ડિટ્રોઈટ મંદિરના મહંત સ્વામીઓ, શા ધર્મવલ્લભદાસજી, શા માધવ સ્વામી, શા. હરિપ્રકાશ, શા. હરિપ્રિયદાસજી અને અમદાવાદથી પધારેલા શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજીએ પ્રવચન કરીને સભાને આનંદિત કરી હતી.

આ પ્રસંગમાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી (શ્રીનાથજી મંદિર મહંતશ્રી) તથા સાધુ જયકૃષ્ણદાસજીએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવા કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. કથા પારાયણના વક્તા શાસ્ત્રીશ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટે સુંદર મધુર કંઠે કથાનું પાન કરાવ્યું હતું. સભા સંચાલન મહંત શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસજી (ફ્લોરિડાના મહંત)એ કર્યું હતું. અનેક સ્ટેટો-શહેરોના સત્સંગી અને ધર્મપ્રેમીજનોએ મોટી સંખ્યામાં પધારીને દર્શનનો લાભ લીધો હતો. અહીંના ગુજરાત સમાચાર અને ઘણા અંગ્રેજી અખબારમાં આપણા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગના ન્યુઝ પ્રસારીત થયા હતા. આમ અહીં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે દેવ, આચાર્યશ્રીના દર્શન કરી કથામૃતનો લાભ લઈ ભાવિકો ખૂબજ ધન્ય બન્યા હતા. *(પ્રમુખશ્રી મણીભાઈ પટેલ)*

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિવિધ ઉત્સવોની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી આપણા શિકાગો મંદિરમાં આપણા વિવિધ ઉત્સવો ધામધુમથી ઉજવવામાં આવે છે. જેઠ સુદ-૧૦ના શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિના દિવસે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને સત્સંગ સભા, ભક્તિ ચિંતામણી ગ્રંથના શ્રીહરિ સ્વધામ ગમન પ્રકરણની કથાનો સાર સમજાવતા મહંત સ્વામીએ જણાવ્યું કે શ્રીહરિની છેલ્લી આજ્ઞાઓ શ્રીહરિએ સ્થાપેલ દેવ, આચાર્ય અને શાસ્ત્ર આ ત્રણને અનુસરીને જે વર્તે તેનું નિશ્ચે કલ્યાણ છે. અને મૂળ સંપ્રદાયની પરંપરા પણ સૌને સમજાવી હતી. હરિભક્તોએ ભાવ પૂર્વક કથાનું શ્રવણ કરી રાજી થયા હતા. *(પૂજારી હરિનંદનદાસ)*

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૧૮ જુને શનિવારના સાંજના ૩ કલાક સભામાં ભજન, કીર્તન, વચનામૃત વાચન, થાળ-આરતી અને નિત્ય નિયમ હરિભક્તોએ સાથે મળી કર્યા હતા. સભામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી	ચંદુલાલ કાનજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઈટાદરા
૧૦૧-૦૦	શ્રી	નિતિનકુમાર નરસંગભાઈ ચાવડા શુભ લગ્ન પ્રસંગે	બળોલભાલ
૧૦૦-૦૦	શ્રી	કનુભાઈ મોહનલાલ પટેલ ચિ. યોગેશભાઈના લગ્ન પ્રસંગે	સરસપુર
૧૦૧-૦૦	શ્રી	સુમનભાઈ પટેલ ચિ. દક્ષા S.S.C. માં ૮૮.૪૩ ટકાએ પાસ થવા નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦	શ્રી	દિક્ષીતકુમાર ધીરૂભાઈ પટેલ ધો. ૧૨ સાયન્સમાં ૯૧%એ પાસ થયા તે નિમિત્તે	(પચ્છમ ભાલવાળા) સુરત
૧૦૧-૦૦	શ્રી	જેઠાલાલ પાંચાભાઈ પટેલના ધર્મપત્નિ ગીરજાબેનના અખાત્રીજના અક્ષરવાસ નિમિત્તે	(પચ્છમ ભાલવાળા)
૧૦૦-૦૦	શ્રી	પ્રહલાદભાઈ ચેલારામ પટેલ ચિ. શિતલબેન F.Y.B.S.C.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	બીલીયા
૧૦૦-૦૦	શ્રી	ચિનુભાઈ અંબાલાલ પટેલ ચિ. કૌતિક તથા ચિ. કિન્નરી ધો.-૧૦માં ફર્સ્ટ ક્લાસ પાસ નિમિત્તે	બીલીયા
૨૦૦-૦૦	શ્રી	શંકરભાઈ રતુભાઈ જાદવ રાજપૂત શ્રીજી પ્રસન્નાર્થે	મેમણા (સમી)
૧૫૧-૦૦	શ્રી	પ્રાણજીવનભાઈ માધવજીભાઈ ચિ. હેમલબેન ધો.-૧૦માં ૮૭%એ પાસ થયા તે નિમિત્તે	કાંતિપુરા (મોરબી)
૧૦૧-૦૦	શ્રી	નિલેશભાઈ ઘનશ્યામભાઈ સોની ચિ. હર્ષની ૪થી વર્ષ ગાંઠ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	અશોકભાઈ સી. કારીયા 'ગેસ સર્વિસ'ની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી	સવિતાબેન ભરતભાઈ પટેલ સ્કુલમાં આચાર્યની બઢતી નિમિત્તે	જાવનડ
૧૦૧-૦૦	શ્રી	નિતિનકુમાર મહેશભાઈ પટેલ ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે	રતનપુર
૧૦૧-૦૦	શ્રી	જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૧૦૧-૦૦	શ્રી	અશ્વિનભાઈ ભીખાભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	માકૃસણા
૧૦૧-૦૦	શ્રી	રમાબેન રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી	હિરાલાલ ભગવાનદાસ પટેલ માકૃતિ ફેબ્રીકેશન કારખાનું ચાલુ કર્યું તે નિમિત્તે	માકૃસણા
૧૦૧-૦૦	શ્રી	ચિ. વિપુલને મલ્ટીનેશનલ કંપનીમાં જોબ મળી તે નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી	ભાવેશકુમાર પટેલ ચિ. અતિથિને ઈંગ્લીશ મિડીયમ ફર્સ્ટમાં અભ્યાસ નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી	તરલાબેન ભાવેશકુમાર પટેલ ૯ જુલાઈ જન્મ દિવસ પ્રસંગે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી	પૂજાબેન વાડીલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી	કિરણકુમાર ગોવિંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સાચોદર
૧૦૧-૦૦	શ્રી	સતીષચંદ્ર ગોબરદાસ પટેલ ચિ. ભાવિનીના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી	અરવિંદભાઈ ભલાભાઈ પટેલ ચિ. પૌત્ર ધ્રુવને બાલ મંદિરમાં મૂક્યો તે નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી	પંકજકુમાર કાંતિભાઈ પટેલ માકૃતિવાન સ્કુલ વર્ધી માટે લાવ્યા તે નિમિત્તે	લવારપુર
૧૦૧-૦૦	શ્રી	નટવરલાલ મોહનલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	વિરમગામ
૧૦૧-૦૦	શ્રી	ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	પ્રકાશભાઈ નરસીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી	અજયભાઈ ઘનશ્યામભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ
૨૦૧-૦૦	શ્રી	ચૌધરી બાબુભાઈ મસોતભાઈ તેમના પ્રિયપશુ ગંગા ગાય-રાજુ (બળદ)ના અક્ષરવાસ નિમિત્તે	ઈશ્વરપુરા
૧૦૧-૦૦	શ્રી	નટુભાઈ ર. કા. પટેલ તા. ૧-૬- જન્મ દિવસ પ્રસંગે	કપડવંજ
૩૦૩-૦૦	શ્રી	અર્પિત ધીમંતભાઈ પટેલ ૧૨ કોમ. ૭૯% માનસી ધીમંતભાઈ પટેલ આર્ટસ ૭૬% અને હર્ષિત ભરતભાઈ પટેલ ૧૨ સાયન્સમાં ૭૮% (અંગ્રેજી મિડીયમ)એ પાસ થયા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	શ્રી	ઉદેસિંહ અગરસિંહજી પુવાર ગજુભાના શુભ લગ્ન પ્રસંગે	વક્તાપુર
૧૦૧-૦૦	શ્રી	સોની હંસાબેન ઉપેન્દ્રકુમાર ચિ. પ્રિતીની સગાઈ પ્રસંગે	વિરમગામ
૧૦૧-૦૦	શ્રી	સુરેશભાઈ અંબાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજા
૧૦૧-૦૦	શ્રી	વાલજીભાઈ પચાણભાઈ પરમાર (બળોલભાલવાળા) ચારધામ યાત્રા પ્રસંગે	વડગામ
૧૦૧-૦૦	શ્રી	કાછીયા જીલ દક્ષેશકુમાર જન્મદિવસ પ્રસંગે	ભાયંદર
૧૦૧-૦૦	શ્રી	અ.નિ. પટેલ ગંગાબેન નાથાભાઈ જીવીદાસની માસિક પુણ્યતિથિ નિમિત્તે	મોખાસણ
૧૦૦-૦૦	શ્રી	પટેલ યોગેન્દ્રભાઈ ગોવિંદભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	નિકસન અંબાલાલભાઈ પટેલ ચિ. વિશ્વના જન્મદિવસ નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી	નિકસન અંબાલાલભાઈ પટેલ નવુ હોન્ડા બાઈક લાવ્યા તે નિમિત્તે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી	તુલસીભાઈ પોપટભાઈ દોંગા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	છોટાલાલ માવજીભાઈ દૈયા શ્રીજી પ્રસન્નાર્થે	અંજાર (કચ્છ)
૧૦૧-૦૦	શ્રી	હાલુભા અચુભા પેટ્રોલપંપ ચાલુ કર્યો તે નિમિત્તે	ખોડા
૧૦૧-૦૦	શ્રી	મનિષા વિનયકુમાર બાવડા આઈલેટસની પરીક્ષામાં ઉતિર્ણ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	વિનય બંસીલાલ બાવડા આઈલેટસની પરીક્ષા પાસ કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી	ધીરેન્દ્ર મનુભાઈ પટેલ ચિ. કનીષાને સ્કુલમાં બેસાડી તે નિમિત્તે	

૧૦૧-૦૦	શ્રી	નિધિબેન મુકેશભાઈ પરમાર જન્મદિન પ્રસંગે	નવાવાડજ
૧૫૧-૦૦	શ્રી	પ્રવિણભાઈ, નિતિનભાઈ, જયેશભાઈ હેમચંદભાઈ સોની તેમના માતુશ્રી લલીતાબેનની દ્વિતીય માસિક પુણ્ય તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	નારણભાઈ કેશવજીભાઈ ગોહેલ ચિ. અશ્વિનની સગાઈ પ્રસંગે	ચાંદલોડીયા
૧૦૧-૦૦	શ્રી	નવનીતલાલ એમ. મોદી ચિ. તેજસને નોકરી મળી તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી	પ્રેમ સુરેશભાઈ પટેલ જન્મદિવસ પ્રસંગે	વાવોલ
૧૦૦-૦૦	શ્રી	હર્ષ શશીકાન્તભાઈ બાબરી ઉતરાવી તે નિમિત્તે	નાઈરોબી
૧૦૧-૦૦	શ્રી	નિતલબેન રાજેશકુમાર પટેલ ચિ. જાહન્વીને સ્કુલે બેસાડી તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી	કૌશલભાઈ મહેશભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી	જેનિશકુમાર દિલીપભાઈ ભગત પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	યોગેશભાઈ જોઈતનદાસ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦	શ્રી	ભાવનાબેન નટવરલાલ નવું મકાન લીધું તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	શ્રી	નિલેશકુમાર બળદેવભાઈ નવો ફ્લેટ લીધો તે નિમિત્તે	વડસર
૧૦૫-૦૦	શ્રી	ચેતનકુમાર અમૃતલાલ પટેલ પૂ. મહારાજશ્રીની કૃપાથી સરકારી નોકરી મળી તે નિમિત્તે	લખતર
૧૦૫-૦૦	શ્રી	મહેશકુમાર અમૃતલાલ પટેલ શુભ લગ્ન પ્રસંગે	લખતર
૧૦૧-૦૦	શ્રી	રાજેશકુમાર પરીખ ગુરુ પૂર્ણિમા નિમિત્તે	દહીંસર
૧૦૧-૦૦	શ્રી	પટેલ રણછોડભાઈ દેવજીભાઈ ચિ. ચિરાગને અમેરિકા અભ્યાસાર્થે મોકલ્યો તે નિમિત્તે	આણંદપુર ભાલવાળા
૧૦૧-૦૦	શ્રી	ચંદ્રિકાબેન સુભાષભાઈ પટેલ ચિ. જાહન્વીના જન્મદિન પ્રસંગે	ઈસનપુર
૧૦૮-૦૦	શ્રી	હાર્દિક હસમુખભાઈ મોદી અમેરિકાના વિઝા મળવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	મોદી રાકેશ હર્ષદભાઈ ચિ. દેવ અને મનની જેતલપુરમાં સાકર તુલા નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી	રવિ અને માનવ પાસ થયા તે પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી	હરિશકુમાર તથા ગુણવંતરાય ખીમજીભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	જીરાગઢવાળા
૧૦૧-૦૦	શ્રી	શાંતિભાઈ નારણભાઈ મનાણી ચિ. ધર્મેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	જીરાગઢવાળા રાજકોટ
૧૦૦-૦૦	શ્રી	જેઠાલાલ એમ. પટેલ ચિ. ચિરાગ એડવોકેટ બન્યા, પૌત્ર યશ ધો. ૩માં ૯૯%, પૌત્રી પ્રેરણા S.Y.B.A.માં પાસ થવા નિમિત્તે	ડુમાણા
૧૧૧-૦૦	શ્રી	નિતેશભાઈ ધીરૂભાઈ પ્રજાપતિ નોકરી મળી તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી	માવજીભાઈ રણછોડભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	રાજેન્દ્ર માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	રમેશભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	ધ્રુવિન રાજેન્દ્ર ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	વિવેક રાજેન્દ્ર ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી	વરૂણ રમેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૧૧-૦૦	શ્રી	શાંતિલાલ રમણભાઈ પટેલ સમલાયામાં નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	હરિપુરા
૧૦૧-૦૦	શ્રી	વિનોદભાઈ (ટોલીવાળા) નવી ઈન્ડિકા લીધી તે નિમિત્તે	જામસર
૧૦૧-૦૦	શ્રી	રમેશ જીવરાજભાઈ વરૂ નવું સ્કુટર લીધું તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી	મગનભાઈ વી. ગાંગાણી ચિ. હિતેશ B.B.S., અંકિત ધો.૧૦માં ૮૩%એ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	જગદીશભાઈ મોહનભાઈ ગોહેલ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી	વિષ્ણુભાઈ શાંતિલાલ પટેલ નવો ટ્યુબવેલ બનાવ્યો તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦	શ્રી	ઉમંગી પરસોતમભાઈ પટેલ P.T.C.માં ૮૧ટકા આવ્યા તે નિમિત્તે	લવારપુર
૧૦૧-૦૦	શ્રી	નિર્મળાબેન ઘેલાભાઈ ફ્લેટ લીધો તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી	મૃગેશકુમાર ભાનુભાઈ વેકરીયા પ્રથમ પગાર નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી	કનુભાઈ ભીખાભાઈ બૂટીયા શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૦-૦૦	શ્રી	કાશીરામભાઈ બેચરદાસ ચિ. પરેશ તથા કેતન શ્રીજી પ્રસન્નાર્થે	વિહાર
૧૦૧-૦૦	શ્રી	અશોકભાઈ માધવલાલ પટેલ નવું ઘર બનાવ્યું તે નિમિત્તે	વિહાર
૧૦૧-૦૦	શ્રી	અશોકભાઈ માધવલાલ જલ્પાબેન ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે	વિહાર
૧૦૧-૦૦	શ્રી	ગીરીશભાઈ જગાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી	મોહનભાઈ ખોડીદાસ ચોટલીયા નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦	શ્રી	સેંધાભાઈ ઈશ્વરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦	શ્રી	મનોજભાઈ મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી	હિરલ જગદીશભાઈ રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	વિર્લેપાર્લા
૧૦૧-૦૦	શ્રી	તન્મય જગદીશભાઈ રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	વિર્લેપાર્લા
૧૦૦-૦૦	શ્રી	જયંતીલાલ સુખલાલ વેગડ ગુરુપૂર્ણિમા નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	શ્રી	જયેન્દ્ર છગનભાઈ સાપરીયા ગુરુપૂર્ણિમા પ્રસંગે	વલસાડ
૧૦૧-૦૦	શ્રી	શાંતિલાલ મોહનલાલ ટાંક શ્રી જયેશભાઈને નોકરી મળી તે નિમિત્તે	જીરાગઢ

૧૦૧-૦૦	શ્રી દશરથભાઈ બેચરભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	માણેકપુર
૧૦૧-૦૦	શ્રી પરસોત્તમભાઈ ધનજીભાઈ ચોટલીયા ચિ. હર્ષાબેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	સુરત
૫૦૦-૦૦	શ્રી પ્રબોધકુમાર પૂંજાલાલ પટેલ ચિ. અ.સૌ. પુત્રવધુ રીનાબેનને નોકરી મળી તે નિમિત્તે	વિરાવાડા
૧૦૧-૦૦	શ્રી વિનોદકુમાર ત્રિભોવનદાસ સુથાર પગનું ત્રીજુ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	રાબડીયા
૧૦૧-૦૦	શ્રી ભૂમિકાબેન રાજેશકુમાર પટેલ નવું હોન્ડા એકટીવા ખરીદ્યું તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી નરેશકુમાર જસુભાઈ પટેલ ગાંધીનગર સેકટર ૮માં મકાન બનાવ્યું તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી ભીખાભાઈ દાનુભાઈ મોરીના દીકરી ભગવતીબેનના સ્મરણાર્થે	ડેડીયાસણ
૧૫૧-૦૦	શ્રી અવિચલભાઈ નરોતમભાઈ ચાવડા મકાનના નવા બાંધકામ નિમિત્તે	ધૂળકોટ (સુરત)
૫૦૧-૦૦	શ્રી નટવરલાલ ભગવાનજી સાપરીયા નવો ફ્લેટ ખરીદ્યો તે નિમિત્તે	મુંબઈ (ધૂળકોટવાળા)
૧૦૧-૦૦	શ્રી વાલજી મૂળજી રાઠોડ તેમના માતુશ્રીની પુણ્યતિથિ અને લગ્નના ૨૫ વર્ષ નિમિત્તે	જીરાગઢ-મુંબઈ
૨૦૧-૦૦	શ્રી કુમકુમ પ્રતાપસિંહ ચાવડા જન્મ દિવસ પ્રસંગે	બળોલભાલ
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ રામાભાઈ પ.પૂ. મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	સોનાસણ
૧૦૧-૦૦	શ્રી ભરતભાઈ રમણલાલ ભાવસાર નોકરીમાં નિવૃતિ નિમિત્તે	સરસપુર
૧૦૧-૦૦	શ્રી બેચરભાઈ અમથાભાઈ પટેલ નવા ટ્યુબવેલની સફળતા નિમિત્તે	વજાપુર
૧૦૧-૦૦	શ્રી છગનભાઈ રામચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦	શ્રી દિનેશભાઈ બાબુભાઈ જોગાણી ચિ. ઉત્સવના જન્મ પ્રસંગે	સાતપડીવાળા
૧૫૧-૦૦	શ્રી ચંદુજી પ્રતાપજી અને જસુબેન ચંદુજી ઉત્તરદક્ષિણ ધામની યાત્રા નિમિત્તે	પાલજ
૧૦૧-૦૦	શ્રી તુષારકુમાર ભરતભાઈ બૂટીયા શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી મીતાબેન ગોકળદાસ પટેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ગુરુપૂજન નિમિત્તે	બાયડ
૧૦૧-૦૦	શ્રી ઉનંદીબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી યોગેશકુમાર એસ. પટેલને ત્યાં ટ્વીન્સ બાબો બેબીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી રાવજીભાઈ તળસીભાઈ પટેલ ચિ. પરાગ બી.ઈ. મિકેનિકલમાં ફર્સ્ટ કલાસ પાસ થયા તે નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ મણીભાઈ પટેલ ઘરમાં નવુ ફર્નિચર કરાવ્યું તે નિમિત્તે	પોર
૧૫૧-૦૦	શ્રી અમૃતલાલ કચરદાસ કોઠારીના પૌત્ર બ્રિજેશ અરવિંદકુમારને બેન્કમાં જોબ મળી તે નિમિત્તે	સોજા
૧૦૧-૦૦	શ્રી મંજુલાબેન નીનુભાઈ પટેલ કેન્સરનું ઓપરેશન કરાવ્યું તે નિમિત્તે	કણભા
૧૦૧-૦૦	શ્રી તુલસી કુવરજી ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ પ્રેમજીભાઈ મનાણીના પુત્ર ચિ. મેહુલને કોમ્યુ. એન્જી.માં એડમીશન મળવા નિમિત્તે	જામસરવાળા
૧૫૧-૦૦	શ્રી બચુભાઈ રાજાભાઈ સોડવડીયા ચિ. વિજયના સગપણ પ્રસંગે (૨૪-૭-૦૫)	સાંજણાવાવ
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ ચુનીલાલ મોદી ચિ. નિરજને ડીગ્રી ફાર્મસીમાં એડમીશન મળ્યુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	ગાંગાણી નિયતિ પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્ર કાલીદાસ શાહ ચિ. અમી (જુલી)ના શુભ લગ્ન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી હર્ષદભાઈ ભલાભાઈ પટેલ ચિ. જસ્મીનના જન્મ દિન પ્રસંગે	દહેગામ

જુલાઈ ૨૦૦૫ અંકનો સુધારો

ગત જુલાઈ અંકમાં પ્રેસ દોષને કારણે ભૂલથી નામ ખોટુ છપાયેલ જે બદલ દિલગીર છીએ. સાચું આ મુજબ છે.

૧૦૧-૦૦	શ્રી મગનલાલ ગંગદાસ વરૂના ચિ. ભરતભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	સુરત (જીરાગઢવાલા)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

નાંદોલ દહેગામ : અ.સૌ. જ્યોત્સનાબેન રમેશચંદ્ર પટેલ તા. ૨૮-૬-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

રાજકોટ : પ.ભ. મગનભાઈ શાંતિભાઈ કાચા જેઠ સુદ-૧૦ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મહેસાણા : અત્રેના બહેનોના મંદિરના નિષ્ઠાવાન પ.ભ. શારદાબા તા. ૧૩-૬-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગાંધીનગર : પ.ભ. ચૌધરી જેશંગભાઈ મોગજીભાઈના માતુશ્રી સાકુબા (મકાખાડવાળા) તા. ૧૮-૭-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દોલારાણા વાસણા : પ.ભ. મોદી જયંતીલાલ નાથાલાલ (ઉ. ૫૪ વર્ષ) તા. ૧૨-૬-૦૫ના શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ધ્રાંગધ્રા : પ.ભ. નટુભાઈ શાંતિલાલ પૂજારાના માતુશ્રી પાર્વતીબેન શાંતિલાલ (ઉ. ૯૦ વર્ષ) તા. ૧૩-૬-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ધ્રાંગધ્રા : પ.ભ. ધરમશીભાઈ હીરજીભાઈ કડીયાના પુત્ર ચિ. શ્રી ભાવેશભાઈ (ઉ. ૨૪ વર્ષ) તા. ૧૪-૭-૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

હરિપર (ધ્રાંગધ્રા) : પ.ભ. પટેલ હસમુખભાઈ નાગરભાઈ (ઉ. ૩૩ વર્ષ) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.













૧. આબુરોડ શ્રી સ્વામિનારાયણ આશ્રમમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે વૃક્ષારોપણ. ૨. વડુ (તા.કલોલ)ના પ્રાચીન પ્રસાદીના શ્રી હનુમાનજી મંદિરની આતવિધિ કરતાં પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી. ૩. ઈડર મંદિરમાં પાટોત્સવના યજમાન પ.ભ. અમીચંદભાઈ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આશીર્વાદ મેળવતાં. ૪ સંપ્રદાયનું નવું જ ગામ અંબાલા (તા.બહુચરાજી)ના નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી. ૫. આબુરોડ શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ.કોલેજનુ ઉદ્‌ઘાટન કરી સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી. ૬. આબુરોડ ગુરુકુળમાં ઔષધાલયનું ઉદ્‌ઘાટન કરી સંત-હરિભક્તો સાથે દર્શન આપતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી








૧. પૂજ્ય દાદાશ્રીના શુભ સાંનિધ્યમાં ૮માં પ્રાકટ્યોત્સવદિને સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૨. લાખો જોજન દૂર-લંડન થી આવેલ નાનો બાળ શ્રી હરેન્દ્ર અશોકભાઈ પટેલ પોતાના પ્રાણ પ્યારા પૂ.લાલજી મહારાજને શુભેચ્છા પાઠવી આશીર્વાદ લઈ રહ્યો છે ૩. પ.પૂ.લાલજી મહારાજશ્રીના પ્રાકટયોત્સવ પ્રસંગની સભામાં ઉપસ્થિત સંત-હરિભક્તો ૪. લંડનના રાજમાર્ગો પર ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ના અલૌકિક દર્શન

Prafful Kharsani